
# સુખડ સુવાસ

લે. દિનુભાઈ પટેલ



GJ
891.478
P 272 S

બાલગોવિંદ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ.

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

રવિશંકર મહારાજ સાથેનાં સંસ્મરણો

# સુખડસુવાસ

ડૉ. દિનુભાઈ પટેલ

બાલગોવિંદ પ્રકાશન ટ્રસ્ટ
અમદાવાદ-૩૮૦૦૦૧.

Library IIAS, Shimla
GJ 891.478 P 272 S
00130204

પ્રકાશક :
વ્રજલાલ ત્રિ. પરીખ
બાલગોવિંદ પ્રકાશન ટ્રસ્ટ,
૧૭૬૦, ગાંધીરોડ,
બાલાહનુમાન પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

Acc. No. 130204
Date 6-9-2010

પ્રથમ આવૃત્તિ - ૧૯૯[illegible]

કિંમત : રૂ. ૨૫/-

ટાઈપ સેટિંગ :
ગાયત્રી ગ્રાફિક્સ,
૧૪, સુમતિનાથ કોમ્પ્લેક્સ,
પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : ૪૧૯૪૪૨

મુદ્રક :
શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ,
૨૭, અમૃત એસ્ટેટ,
દૂધેશ્વર પાણીની ટાંકી સામે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

## અર્પણ

મારી સહધર્મચારિણીને –
જેણે પોતે ઘસાઈને મને ઊજળો બનાવ્યો.

દિનુભાઈ

# સત્સંગકથા

'સુખડસુવાસ' એક સંત સાથે એક સેવકના સત્સંગની કથા છે. પોતાના ૧૦૧ વરસના જીવનમાં સંત જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાં એમની સુવાસ પ્રસરી છે. સેવક પણ એમ તો દેશ-વિદેશ ફરેલા છે, પણ જ્યાં ગયા છે ત્યાં એમણે સંતની વાતો જ ભક્તિભાવે કહી છે.

રવિશંકર મહારાજ એમની નિરંતર સેવા, કઠોર પણ સહજ તપ અને નીતરતી સજ્જનતા સારુ ગુજરાતમાં જાણીતા છે. ડૉ. દિનુભાઈ પટેલે મહારાજની વાતોથી વિયેનાનાં પરિવારોના જીવનપલટા કરાવ્યા છે. સુખડસુવાસ રવિશંકર મહારાજનાં સંસ્મરણોની કથા છે.

મહારાજ જેટલા સાદા છે તેટલી જ દિનુભાઈની શૈલિ નિરાડંબર છે. મહારાજની વાત એ જ શૈલિમાં શોભે. મહારાજનું જીવન જેટલું પવિત્ર છે એટલો જ પાવનકારી આ સંસ્મરણોનો પ્રભાવ બની રહેશે. મહારાજ જેટલી કરકસર કરી જાણે છે, એટલી જ કરકસર દિનુભાઈએ પોતાની ભાષામાં કરી છે.

આ કથા એમ તો રવિશંકર મહારાજની છે, પણ દિનુભાઈએ એને પૂર્ણપણે પોતે અનુભવેલા પ્રસંગો પૂરતી મર્યાદિત રાખી છે, તેથી એ કથામાં દિનુભાઈનું મહારાજરંગે રંગાયેલું જીવન પણ છતું થાય છે. પણ આ કથામાં સેવકની નમ્રતા છે, તેથી ચરિત્રકાર કદી પોતાના અહંકાર દ્વારા મહારાજના ચારિત્ર્યને ઢાંકી દેતો નથી.

રવિશંકર મહારાજને ગુજરાતનો ખૂણેખૂણો જાણે છે, પણ બીજા પ્રદેશો એટલા જાણતા નથી એ એમનું દુર્ભાગ્ય અને આપણી કાર્યક્ષમતાની કમી છે. બાકી ગાંધીજીના સમાગમમાં આવતાં પહેલાં જ એમણે અસ્પૃશ્યતાનિવારણના વ્રતને જીવનમાં ઉતારેલું, અને વિનોબાજી કરતાં દાયકાઓ પહેલાં એમણે ડાકુઓનાં જીવન પલટાવેલાં. સરદારને ખેડા સત્યાગ્રહમાં ઉતારનારા પૈકી મહારાજ એક હતા. એક વ્યક્તિ પોતાની પારદર્શક ઈમાનદારીને લીધે કેટલી સહજતાથી ગમે તેવી કઠોર ગણાતી છાતીમાં પણ પ્રવેશી શકે છે, પોતાના છલકાતા પ્રેમને લીધે પાષાણ હૈયાને પણ પિગળાવી શકે છે અને વ્યક્તિગત જરૂરિયાત બાબત અપરિગ્રહની પરાકાષ્ઠાએ પહોંચેલું એમનું જીવન દહેગામના ખેડૂતોથી માંડીને અમદાવાદ મુંબઈના શેઠિયાઓને દરિયાદિલના દાતા બનાવી શકે છે તેની આ કથા છે. દિનુભાઈએ દાદાના જીવનના અનેક ગુણો જોયા જાણ્યા છે તેથી 'સુખડસુવાસ' ગુજરાતના રવિશંકર મહારાજ સાહિત્યમાં એક અણમોલ ઉમેરો કરે છે. આ નાનકડી પુસ્તિકાનો જો તરત હિંદની બધી ભાષાઓ અને અંગ્રેજીમાં અનુવાદ ન થાય તો ગુજરાતને પોતાનું ધન પોતે જ સમેટી રાખવાનું લાંછન લાગે.

સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય,<br>
વેડછી<br>
મહાશિવરાત્રી ૧૯૯૩.

**નારાયણ દેસાઈ**

# નિવેદન

પૂજ્ય રવિશંકર મહારાજ જેવા મહાપુરુષના નિકટ સંસર્ગમાં આવવાનું થયું એને હું મારા જીવનનું પરમ સદ્‌ભાગ્ય માનું છું. સને ૧૯૪૧માં મને એમનો પ્રથમ પરિચય થયો અને ધીરે ધીરે તે ઊંડી આત્મીયતામાં પરિણમ્યો. તેઓ જીવ્યા ત્યાં સુધી મારા રાહબર રહ્યા. મારી ઊગતી યુવાનીમાં જ એમણે મને શ્રેયસ્કર માર્ગે વાળ્યો; એટલું જ નહીં, સતત હૂંફ અને માર્ગદર્શન આપતા રહી એ માર્ગે ટકી રહેવાનું બળ પૂરું પાડ્યું. માત્ર ઉપદેશથી નહીં પણ આચરણ દ્વારા એમણે મને 'ઘસાઈને ઊજળા થઈએ, બીજાને ખપમાં આવીએ' મંત્ર શીખવ્યો. એ મંત્રના સ્વલ્પ આચરણથી મેં જીવનમાં પરમ સંતોષ ને ધન્યતાનો અનુભવ કર્યો છે. પૂ. મહારાજના ઉપકારોનો કોઈ અંત નથી. આજે આટલાં વરસો પછી પણ એનું સ્મરણ થતાં અનેક વાર આંખો ભીની થાય છે.

ચાળીસ વર્ષના મહારાજ સાથેના સહવાસનાં અનેક પાવનકારી સ્મરણો મનમાં સંઘરાયેલાં પડ્યાં હતાં. મિત્રોના આગ્રહને વશ થઈ એમાંનાં કેટલાંક મેં મારી શૈલીમાં લખી કાઢ્યાં અને મહારાજના અંતેવાસી શ્રી મગનભાઈ જો. પટેલને જોઈ જવા મોકલાવ્યાં. એમણે એ બધાં સ્મરણોને સારી પેઠે સુધારી-મઠારી 'સુખડસુવાસ' રૂપે એની હસ્તપ્રત તૈયાર કરી આપી. એમની આ કીમતી મદદ બદલ એમનો ઋણી છું.

આ સ્મરણો જેમ બને તેમ જલદી પ્રગટ કરવાની શ્રી ભાઈદાસભાઈની બહુ ઇચ્છા હતી. પણ હસ્તપ્રત તૈયાર થાય એ પહેલાં જ એ સ્વધામ ઊપડી ગયા ! આજે એમની એ ઇચ્છા એમના વડીલબંધુ વ્રજલાલભાઈ મારફતે સાકાર થઈ રહી છે એનો મને અને વ્રજલાલભાઈને આનંદ છે. યોગાનુયોગે મહારાજની ૧૧૦મી જન્મજયંતીના પવિત્ર દિવસે એમનાં આ સ્મરણો બાલગોવિંદ પ્રકાશન દ્વારા પ્રકાશિત થઈ રહ્યાં છે એ વિશેષ આનંદની વાત છે.

મારી વિનંતી સ્વીકારી શ્રી નારાયણભાઈ દેસાઈએ 'સુખડસુવાસ' માટે ટૂંકી પણ પ્રેરક પ્રસ્તાવના લખી મોકલાવી એ બદલ એમનો ખાસ આભારી છું.

૨૬ જાનેવારી '૯૩

ડૉ. દિનુભાઈ પટેલ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રથમ દર્શન | ૧ |
| ૨. | સ્નેહ શું નથી કરતો ? | ૪ |
| ૩. | 'જો, જો, જીવ પાછો આવે છે !' | ૬ |
| ૪. | કોઠાસૂઝ | ૮ |
| ૫. | વાત્સલ્ય | ૧૦ |
| ૬. | રોફ પડી ગયો ! | ૧૩ |
| ૭. | જીવનની દિશા બદલાઈ | ૧૬ |
| ૮. | અભયનો પાઠ | ૧૮ |
| ૯. | મહારાજનો આદેશ | ૨૦ |
| ૧૦. | હિંમતસિંહ | ૨૨ |
| ૧૧. | 'લાયબંબા'નું રૌદ્રરૂપ | ૨૫ |
| ૧૨. | કેવો પ્રભાવ ! કેવો વિશ્વાસ ! | ૨૯ |
| ૧૩. | વિએનામાં મહારાજનો પ્રભાવ | ૩૩ |
| ૧૪. | ટ્રસ્ટીશિપની ભાવના | ૩૭ |
| ૧૫. | નામનો પ્રતાપ | ૩૯ |
| ૧૬. | મહારાજની બહુશ્રુતતા | ૪૩ |
| ૧૭. | રખાવટ શું નથી કરતી ? | ૪૫ |
| ૧૮. | વાત્સલ્યનું વશીકરણ | ૪૭ |
| ૧૯. | અપરિગ્રહનો પાઠ | ૫૦ |
| ૨૦. | દાદાનો શ્યામ | ૫૨ |
| ૨૧. | દાદાની દીકરી | ૫૫ |
| ૨૨. | દાદાના અંતિમ આશીર્વાદ | ૫૮ |

# ૧. પ્રથમ દર્શન

ઈ.સ. ૧૯૪૧ની એ સાલ હતી. હું અમદાવાદની મેડિકલ કૉલેજમાં ભણતો હતો, તાજો પરણેલો.

એક દિવસ સવારના છાપામાં જોયું કે કલોલમાં કૉલેરા ફાટી નીકળ્યો છે. મેં કૉલેરા વિશે તાજું તાજું વાંચેલું, હજી દાક્તર થયો નહોતો. સેવાની કોઈ આવડત નહીં, ટેવ પણ નહિ, પણ અંતરમાં ઊંડે ઊંડે સેવાનો સંસ્કાર પડ્યો હશે. મેં કૉલેરાગ્રસ્ત લોકોની સેવા માટે કલોલ જવાનો મન સાથે નિર્ણય કર્યો. એ માટે મારા પ્રિન્સિપાલ(સિવિલ સર્જન)ની રજા લઈ લીધી. સાથે બે જોડ કપડાં અને કૉલેરાનાં થોડાં વેક્સિન, સિરિંઝ, સોયો, એક બાટલી સ્પિરિટ અને રૂ—આટલાં સાધનો સાથે હું કલોલ જવા નીકળી પડ્યો.

કલોલમાં કોઈનોય પરિચય નહિ. શહેર પહેલાં કદી જોયેલું નહિ. સ્ટેશને ઊતરી શહેર ભણી ચાલવા માંડ્યું. રસ્તે જે કોઈ મળે તેને પૂછું, ‘‘કૉલેરાવિરોધી ઇન્જેક્શન મુકાવશો ?’’ પણ કોઈ હા ન પાડે. રસ્તા ઉપર અવરજવર બહુ ઓછી. ચાલતો ચાલતો રસ્તાના છેડા સુધી પહોંચ્યો. રસ્તે આઠ-દસ મૃતદેહો પડેલા જોયા. ન કોઈ ધણી, ન કોઈ ધોરી.

લગભગ બે કલાક ફર્યો હોઈશ. તરસ સખત લાગેલી, પણ શહેરનું પાણી તો કેમ પિવાય ? કૉલેરા થઈ જાય તો ? એટલે ચાલતો સ્ટેશને પાછો આવ્યો. ગાડી આવવાની રાહ જોતો બેઠો. થોડીવારમાં ગાડી આવી.

ડબામાં બેઠેલા એક સજ્જન પાસે પાણી માગીને પીધું, શાંતિ થઈ. ફરી પાછો ઇન્જેક્શન લેનારની શોધમાં શહેરની બીજી બાજુએ નીકળી પડ્યો. ખૂબ ફર્યો પણ ઇન્જેક્શન માટે કોઈ તૈયાર ન થયું. થાક્યો હતો, ભૂખતરસ લાગી હતી, પણ મનમાં દૃઢ સંકલ્પ હતો : સ્ટેશને પડ્યો રહીશ, બાંકડા ઉપર સૂઈ રહીશ, બિસ્કિટ ખાઈને ચલાવીશ, પણ કલોલની કૉલેરાગ્રસ્ત જનતાની સેવા નહિ છોડું.

આવા વિચાર કરતો હું બાંકડા ઉપર બેઠો હતો એટલામાં એક વડીલ સજ્જન ત્યાં આવીને મારી બાજુમાં બેસી ગયા. એમની આંખોમાં વાત્સલ્ય નીતરતું હતું. બહુ પ્રેમથી એમણે મને પૂછવા માંડ્યું : ‘‘તમારું નામ શું ? શું કરો છો ? અહીં કેમ આવવું થયું ?’’

મેં મારો પરિચય આપી કહ્યું: ‘‘કંઈક સેવા કરવાની ભાવનાથી હું અહીં આવ્યો છું. ’’

‘‘અમે કેટલાક મિત્રો પણ એવી જ ભાવનાથી અહીં આવ્યા છીએ અને કામ કરીએ છીએ. તમે મારી સાથે આવશો ?’’ એમણે કહ્યું.

ભાવતું હતું ને વૈદ્યે કહ્યું. હું તરત એમની સાથે જવા તૈયાર થઈ ગયો. એ મને નવજીવન મિલમાં એમના ઉતારે લઈ ગયા. ત્યાં એમણે મારી નાહવા-જમવાની વ્યવસ્થા કરી. હું ખૂબ થાક્યો હતો એટલે જમીને સૂઈ ગયો. ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

સવારે ઊઠું છું ત્યાં તો વડીલ હાજર ! બોલ્યા, ‘‘તમે અમારી સાથે કામમાં જોડાશો તો તમને ગમશે અને અમને ઉપયોગી થઈ પડશો.’’ એમના એકેક શબ્દમાં વાત્સલ્ય ઝરતું હતું. કોણ હશે આ વડીલ ? મનમાં

પ્રશ્ન ઊઠ્યો, પણ એમના સાથીઓ સાથે કામમાં જોડાયો ને તરત જાણ થઈ કે જેમનું વાત્સલ્ય હું માણી રહ્યો હતો તે બીજું કોઈ નહીં પણ રવિશંકર મહારાજ હતા ! આમ કલોલના કૉલેરા નિમિત્તે પ્રથમવાર મને મહારાજનાં દર્શન થયાં. એ પ્રથમ દર્શને જ હું એમના વાત્સલ્ય-પાશમાં એવો તો બંધાયો કે એમાંથી કદાપિ છૂટી શક્યો નહિ.

કલોલમાં ગયો હતો સેવાની નાનકડી સરવાણીની શોધમાં ને મળી ગયો મીઠો મહેરામણ!

# ૨. સ્નેહ શું નથી કરતો ?

મહારાજ સાથે હું કૉલેરાગ્રસ્ત લોકોની સેવામાં લાગી ગયો. અમારી ટુકડીમાં મૃદુલાબહેન સારાભાઈ, પુષ્પાબહેન મહેતા, પુરાતન બુચ વગેરે હતાં. નવજીવન મિલમાં અમારો ઉતારો હતો. એક પારસી સજ્જન અમારી ભોજન વગેરેની બધી વ્યવસ્થા સંભાળતા હતા, ખૂબ જ પ્રેમાળ અને માયાળુ.

એ દિવસોમાં મને ચા પીવાનો જબરો શોખ. જ્યાં ત્યાં ચા શોધતો ફરું. અમારી મંડળીમાં મહારાજ સિવાય બધાં ચાનાં રસિયાં. કામે ચઢતા પહેલાં સવારના અમે એક ટેબલ ફરતે ચા માટે ગોઠવાઈ જઈએ અને ટેસથી ચા પીએ. મહારાજ ત્યાં થઈને પસાર થાય અને એમની ગામઠી ભાષામાં કહે : ''કૉપ-બૉપ થઈ ગયો કે ?'' અમારામાંથી કોઈ જવાબ આપે : ''હા મહારાજ, કૉપ ચાલુ જ છે.'' અને મહારાજ મરક મરક હસે.

બેત્રણ દિવસ પછી અમારા ટેબલ ઉપર ગ્રીન લેબલ લિપ્ટનનો એક ડબો પડેલો જોયો. સૌને નવાઈ લાગી અને પ્રશ્ન થયો કે આ ડબો કોણે મંગાવ્યો હશે ? અમારામાંથી મૃદુલાબહેન, પુષ્પાબહેન કે પુરાતનભાઈએ એ મંગાવ્યો નહોતો. કદાચ પેલા પારસી સજ્જને મંગાવ્યો હશે એમ અમે માન્યું. તપાસ કરી તો એમણે પણ એ મંગાવ્યો નહોતો. ઠીક ઠીક તપાસને અંતે જાણવા મળ્યું કે એ ચાનો ડબો મંગાવનાર મહારાજ હતા ! અમારે સારુ અમદાવાદથી સારામાં સારી ચા લઈ આવવા એમણે કોઈને કહેલું,

અને કશી જ જાહેરાત સિવાય ચાનો ડબો અમારા ટેબલ ઉપર આવી પડ્યો ! અમને સૌને ભારે આશ્ચર્ય થયું. પોતે કદી ચા ન પીનારા અને ચા પીનારાઓને છોડવાના સંકલ્પ લેવડાવનાર મહારાજે અમારે સારુ ઉત્તમ ચા મંગાવી આપી !

મહારાજની આ ઉદાર વ્યવહારની અન્ય મિત્રો પર શી અસર થઈ એ તો હું કહી શકું નહિ, પણ મને તો એ દિવસથી જ ચા છોડવાની પ્રેરણા થઈ. એ વાતને આજે પચાસ વર્ષ થયાં. મને કદી ચા પીવાની ઇચ્છા થઈ નથી.

સ્નેહ શું નથી કરતો ?

# ૩. 'જો, જો, જીવ પાછો આવે છે!'

કલોલમાં કૉલેરા ફેલાયો એના શરૂઆતના દિવસોની આ વાત છે.

મહારાજે ઇસ્પિતાલ શરૂ કરવાનો નિર્ણય કર્યો. એ માટે સ્ટેશન સામેની એક ધર્મશાળા નક્કી થઈ. કલોલના એક સજ્જન દાસભાઈએ લોખંડના ખાટલા આપ્યા. અમે જ્યાં ત્યાંથી દર્દીઓ ભેગા કરવા માંડ્યા. દશથી બાર ખાટલા ભરાયા. મહારાજ અને પુરાતનભાઈ દર્દીઓને ગાડામાં કે ઝોળીમાં લઈ આવે ને ખાટલા ઉપર સુવડાવે. પુષ્પાબહેન, મૃદુલાબહેન વગેરે એમનાં ઝાડા-ઊલટી સાફ કરે અને હું દાક્તર એમની દવા કરું. બાજુમાં મહારાજે એક મોટો ખાડો ખોદાવડાવ્યો હતો. એમાં દર્દીઓનાં ઝાડા-ઊલટી નંખાય; ગોદડીઓના ગાભા પણ એમાં જ નંખાય; એના ઉપર રાળ નાખી આગ પ્રગટાવાય. અને એ યજ્ઞમાં બધું સ્વાહા થઈ જાય. દિવસો સુધી આ યજ્ઞકુંડનો અગ્નિ જલતો રહ્યો.

એ દિવસોમાં અમદાવાદથી એક સેવાભાવી ડૉક્ટર શ્રીમતી નાણાવટી મહારાજ સાથે અમારી ઇસ્પિતાલમાં આવ્યાં. એ પોતાની સાથે સલાઈનની શીશીઓ લઈ આવેલાં. એમણે એક દર્દીને નસ વાટે સલાઈન ચડાવવા માંડ્યું, અને મરણોન્મુખ હાલતમાં પડેલા એ દર્દીના ચહેરા પર ચેતન આવવા લાગ્યું. એ જોઈ મહારાજ એક નાના બાળકની જેમ નાચી ઊઠ્યા. મને કહે,'' દિનુ, જો, જો, જીવ પાછો આવે છે!''

આનંદવિભોર બની એમણે ડૉક્ટર નાણાવટીને કહ્યું: ''બહેન, આ જાદુ તમે અમારા આ ડૉક્ટર દિનુને શિખવાડો તો અમે એનો ઉપયોગ કરી શકીએ.'' ડૉક્ટર નાણાવટીએ મને સલાઈન આપવાનું શીખવી દીધું.

એ પછી તો બીજા ઘણા દાક્તરો આવ્યા. ઘણું બધું સારી રીતે ગોઠવાયું અને એ સંતના પરિશ્રમથી કૉલેરા કાબૂમાં પણ આવ્યો. આજે એ દિવસોનું સ્મરણ થાય છે ત્યારે મહારાજનું ભાવવિભોર બની નાચી ઊઠવું અને કહેવું : 'દિનુ, જો, જો. જીવ પાછો આવે છે!' ભુલાતું નથી.

# ૪. કોઠાસૂઝ

કલોલમાં અમારું કામ ઠીક ઠીક ગોઠવાતું જતું હતું. અમારામાંથી કેટલાકે નિર્ણય કરેલો કે કૉલેરા પૂરેપૂરો નાબૂદ ન થાય ત્યાં સુધી આ વિસ્તાર છોડવો નહિ.

કૉલેરાના દર્દીઓની સેવાનું અમારું કામ બરાબર ચાલી રહ્યું હતું ત્યાં એક અણધાર્યું વિઘ્ન આવી પડ્યું. બહેન મૃદુલાબહેન બીમાર પડ્યાં ને પથારીવશ થયાં અને એમની સેવા કરવાનું અમારે માથે આવ્યું. અમારાં ટાંચાં સાધનો, ટાંચાં માણસો અને અપૂરતી સગવડને કારણે મૃદુલાબહેનની યોગ્ય સારવાર થઈ શકતી નહોતી એનો મહારાજને રંજ રહેતો.

એ દિવસોમાં મૃદુલાબહેનના પિતાશ્રી શેઠ અંબાલાલ સારાભાઈ દક્ષિણ ભારતના કોઈમ્બતુર શહેરમાં હતા. દીકરીની બીમારીના સમાચાર જાણી એમણે પોતાના દાક્તર શ્રી ટંકારિયાને દરરોજ કલોલ સારવાર માટે જવા જણાવેલું. દાક્તરસાહેબ સવારની ગાડીમાં કલોલ આવે ને સીધાં મૃદુલાબહેન પાસે જાય. મૃદુલાબહેન સિવાય કોઈને અડે પણ નહિ. આ પરિસ્થિતિમાં એમના ભોજન માટે શું કરવું એની અમને ભારે વિમાસણ રહે. બીજી બાજુ, દરરોજ બપોરે શેઠશ્રી અંબાલાલભાઈનો મૃદુલાબહેનની ખબરઅંતર પૂછતો ફોન આવે. એટલે અમારામાંથી કોઈકે ટેલિફોન પાસે બેસી રહેવું પડે. મોટે ભાગે તો મહારાજને જ બેસી રહેવું પડતું. આમ મૃદુલાબહેનની બીમારીએ અમને ઠીક ઠીક ઉપાધિમાં મૂક્યાં હતાં. આ સંજોગોમાં એ અમદાવાદ એમને ઘેર જાય તો વધારે સારી સારવાર મળે અને અમારી મૂંઝવણનો પણ અંત આવે એમ હતું.

એક દિવસ મહારાજે મને કહ્યું,“ દિનુ, મૃદુલાબહેનને કહો ને કે અમદાવાદ જાય.”

મેં મૃદુલાબહેન પાસે જઈ આ વાત કરી. એમનો જવાબ સ્પષ્ટ હતો : “દિનુભાઈ, આ વિસ્તારમાંથી કૉલેરા સંપૂર્ણપણે નાબૂદ ન થાય ત્યાં સુધી આ પ્રદેશ નહિ છોડવાનું આપણે નક્કી કર્યું છે. તો આમ હારીને કેમ જવાય ?”

મેં મૃદુલાબહેનની વાત મહારાજને જણાવી. એમની વાતમાં પણ તથ્ય તો હતું જ. સાથે સાથે મહારાજની મૂંઝવણનો પણ પાર નહોતો. આનો ઉકેલ શો ?

બીજે દિવસે સવારે અમે સૌ મૃદુલાબહેનની પથારી પાસે ઊભાં હતાં ત્યાં મહારાજ આવ્યાં. ખૂબ પ્રેમથી મૃદુલાબહેનની ખબરઅંતર પૂછી. પછી શાંતિથી બોલ્યા : “મૃદુલા, આ કૉલેરા સામે લડવા આપણી સેના નીકળી છે. એ સેનાના સેનાપતિ કોણ ?”

“તમે જ તો !”

“તો સેનાપતિના હુકમનું પાલન કરવું એ સૈનિકની ફરજ ખરી કે નહિ ?”

“ખરી.”

“તો સેનાપતિ હુકમ કરે છે કે મૃદુલા અમદાવાદ જાય.”

અને મૃદુલાબહેન તરત અમદાવાદ જવા તૈયાર થઈ ગયાં.

મૃદુલાબહેનને અમદાવાદમાં વધારે સારી સારવાર મળે અને એમની માંદગીને કારણે કલોલના કામમાં અડચણ ન થાય એવો માર્ગ સેનાપતિએ કાઢ્યો.

આવી હતી મહારાજની કોઠાસૂઝ.

# ૫. વાત્સલ્ય

શ્રીમંત ગાયકવાડ સરકારની આર્થિક સહાય અને મહારાજના વડપણ હેઠળ કલોલના સેવાકાર્યને કારણે શહેરમાં તો કૉલેરા કાબૂમાં આવ્યો પણ આસપાસનાં ગામોમાં તે ફેલાવા લાગ્યો હતો. પરિણામે અમારું કાર્યક્ષેત્ર બદલાયું.

મહારાજે મને કલોલની પાસેના પલિયડ ગામે મોકલ્યો. દિવાળીના એ દિવસો હતા. મેં ત્યાં જઈ મારું કામ શરૂ કર્યું.

દર્દીઓને એક છાપરા નીચે ભેગા કરવા, તેમને વ્યવસ્થિત સુવાડવા, તેમનાં ઝાડા-ઊલટી સાફ કરવાં અને એમની દવા કરવી, એ મારું કામ. લગભગ આઠ-દસ દર્દી હતા. દિવસ દરમ્યાન હું એમની સંભાળ રાખતો. રાત્રે તો અચૂક એમની ખબર કાઢવા જતો.

એક દિવસ કામ નિમિત્તે મારે મહારાજને મળવા કલોલ જવાનું થયું. મહારાજે પ્રેમથી વાંસે હાથ ફેરવી ખબરઅંતર પૂછયાં. રસોઈયાને બોલાવી ગરમાગરમ ખીચડી-શાક બનાવડાવી મને જમાડ્યો. મેં એમને મારા કામનો હેવાલ આપ્યો અને કહ્યું, ''મહારાજ, સાંજના ચાર વાગ્યાની બસમાં હું પલિયડ જઈશ.''

અમારી આ વાત ચાલતી હતી એટલામાં વડોદરા રાજ્યના ડૉક્ટર શ્રી વૈષ્ણવ જીપ સાથે આવ્યા. મહારાજ સાથે કૉલેરા અંગે વાતચીત

કરી એમણે કહ્યું : ''હું રાત્રે પલિયડ જવાનો છું.'' મહારાજે એમને કહ્યું, ''તો તમે આ ડૉ. દિનુને તમારી જીપમાં લઈ જશો ? એને પલિયડ જવાનું છે.'' ડૉક્ટરે હા પાડી. મહારાજના સાન્નિધ્યમાં થોડો વધુ સમય રહેવાનું મળ્યું એથી મને આનંદ થયો.

પણ અફસોસ! સાંજ ઢળી ગઈ પણ ડૉક્ટર દેખાયા નહિ. એટલે મેં મહારાજને કહ્યું ,''મહારાજ, દર્દીઓ મારી રાહ જોતાં હશે. મારે જવું જોઈએ.''

ફરજ પરત્વેનું મહારાજનું ભાન એટલું જાગ્રત હતું કે એમણે તરત હા પાડી. હું નીકળ્યો. મહારાજે પણ મારી સાથે સાથે ચાલવા માંડ્યું. ઘોર અંધારી રાત હતી. બૅટરીના પ્રકાશે અમે રસ્તો કાપી રહ્યા હતા.

થોડેક દૂર સુધી મહારાજ આવ્યા. પછી મેં કહ્યું,''મહારાજ, હવે તમે પાછા વળો.''

''વળું છું,'' કહી એ તો મારી સાથે ચાલતા જ રહ્યા. રેલવેમાર્ગે છેક ઈસંડ સ્ટેશન સુધી એ આવ્યા. પછી તો હું ઊભો રહ્યો ને કહ્યું, ''મહારાજ, હવે તો તમે પાછા વળો. પાછા નહીં વળો તો હું આગળ નહિ જાઉં.''

અને મહારાજ ઊભા રહ્યા. મને શિખામણ આપતાં બોલ્યા,''જો દિનુ, તારા દર્દી તારી રાહ જોતા હશે એટલે તારે જવું જ જોઈએ, પણ એમ કર. અહીંના રાવળવાસમાં જઈ ઊંટ ભાડે કરી ચાલ્યો જજે. પૈસાની ચિંતા કરતો નહીં.''

આમાં મને મહારાજની કરકસર અને ઉદારતાનો સમન્વય જોવા મળ્યો. કલોલથી મોટર કરીને જવાનો તો એમને વિચાર જ ન આવે; પૈસા વેડફાય. અને રાત્રે પલિયડ ન પહોંચવાનું પણ વાજબી ન ગણાય. કારણ ફરજ !

પણ ઈસંડથી ઊંટ ઉપર પલિયડ જવાનું ગોઠવાય. એમાં થોડા પૈસાનો ખરચ કરવો પડે, વધારે નહીં.

આવી હતી મહારાજની કરકસર ને ઉદારતા.

હું રાવળવાસમાં ગયો, ઊંટ મળ્યો. હું જિંદગીમાં કદી ઊંટ ઉપર બેઠેલો નહીં. છતાં એના ઉપર બેસી પલિયડ પહોંચ્યો. દર્દીઓની ખબર કાઢી ઊંઘી ગયો.

સવારના આઠેક વાગ્યા હશે. જોઉં તો મહારાજ હાજર! બોલ્યા : "દિનુ, મને થયું કે લાવ છોકરાની ખબર કાઢું, એટલે સવારની બસમાં આવ્યો."

મને સાજોનરવો જોઈ હરખાયા. કેટલીક સૂચનાઓ કરી વળતી બસમાં કલોલ ગયા.

મારા આગ્રહથી આગલી સાંજે પાછા તો વળ્યા પણ સવારે ખબર કાઢવા આવ્યા વિના રહી શક્યા નહીં. આજે એ દિવસોનું સ્મરણ થાય છે ત્યારે વાત્સલ્ય ને કરુણાથી ઊભરાતો મહારાજનો ચહેરો નજર સામે ખડો થાય છે ને હૈયું ગદ્‌ગદ થાય છે.

# ૬. રોફ પડી ગયો !

બીમારીને કારણે મૃદુલાબહેનને કલોલથી ઘેર જવું પડેલું. પણ જતી વખતે એમણે મહારાજ પાસેથી વચન લીધેલું કે કલોલ છોડો ત્યારે તમારે ને દિનુભાઈએ એક દિવસ મારા મહેમાન થવું.

કલોલનું કામ પૂરું થયું કે હું ને મહારાજ શેઠ અંબાલાલ સારાભાઈના બંગલે શાહીબાગ ગયા. સાંજના પાંચેક વાગ્યા હશે. મૃદુલાબહેન ક્યાંક બહાર ગયાં હતાં. એમનાં નાનાં બહેન ગિરાબહેને અમને આવકાર્યા. એ અમને એક ઓરડામાં લઈ ગયાં ને બેસાડ્યા.

મહારાજે ગિરાબહેનને કહ્યું,''બેન, મારે ના'વું છે.''

''બેસો મહારાજ, હું વ્યવસ્થા કરીને આવું છું'' કહી ગિરાબહેન વ્યવસ્થા કરવા ગયાં.

એટલામાં મહારાજે ઓરડાની એક બાજુએ પાણીનો નળ જોયો. મને કહે, ''દિનુ, આ ચકલી છે. હું ખંખોળિયું ખાઈ લઉં.'' અને અંગરખું-ટોપી કાઢીને એ તો ચકલી નીચે બેસી ગયા. જલદી જલદી નાહીને ઊભા થઈ ગયા. હું એમનું ધોતિયું છબછબાવતો હતો ત્યાં ગિરાબહેન આવ્યાં અને કહ્યું,''ચાલો મહારાજ, સ્નાનની વ્યવસ્થા થઈ ગઈ છે.''

''બેન, મેં તો અહીં ચકલીએ નાહી લીધું, હવે દિનુ ધોતિયું ધોઈ નાખશે.''

ગિરાબહેન સહેજ હસ્યાં. મને કહે,''દિનુભાઈ, તમે કપડાં ધોશો નહિ, મને આપી દો. કાલે વહેલી સવારે તમને મળી જશે.''

મેં ધોવાનું રહેવા દીધું અને મહારાજનું ધોતિયું, અંગરખું ને ટોપી આપી દીધાં.

હું ગિરાબહેન સાથે નાહવા ગયો. સરસ મજાનો સ્વિમિંગ પૂલ હતો. ખૂબ મોજથી નહાયો. રાત્રે શેઠસાહેબ સાથે જમ્યા. રાત બંગલામાં ગાળી.

સવારે ઊઠ્યા ત્યારે સરસ ઇસ્ત્રીબંધ આર કરેલાં કપડાં આવી ગયાં. એ જોઈ મહારાજ કહે, ''દિનુ, આવતીકાલે વિરમગામમાં મારો રોફ પડશે!'' હું હસ્યો.

શહેરનું કામ પતાવી બપોરની ગાડીમાં સાંજે અમે વિરમગામ પહોંચ્યા. સીધા મારા ઘરે ગયા. મારાં બાએ મારે હાથે-મોંએ હાથ ફેરવ્યો અને ભયંકર કૉલેરામાંથી હેમખેમ પાછો આવ્યો એનો આનંદ મનાવ્યો. એટલામાં મારા પિતાજી આવ્યા. મહારાજે એમને કહ્યું,'' લ્યો, આ તમારી થાપણ - સંભાળી લ્યો. સાજોનરવો છે.'' એ સાંભળી મારી બાની આંખમાંથી હર્ષનાં આંસુ ટપક્યાં.

રાત્રે વાળુ પતાવી પ્રાર્થના કરી અમે સૂઈ ગયા. સવારે ઊઠી મહારાજે સ્નાન કર્યું અને ગઈકાલનાં ઈસ્ત્રી-આર કરેલાં કપડાં પહેર્યાં. આવાં કપડાં કદાચ એમણે પહેલી વાર પહેર્યાં હશે. હસતાં હસતાં કહે, ''દિનુ, મારો રોફ કેવો પડે છે!''

ગામના કેટલાક સદ્‌ગૃહસ્થો પૂ. મહારાજને મળવા આવ્યા. મારા

પિતાજી અને એ બધાએ મહારાજ સાથે વાતો કરી. ત્યાર બાદ મારા પિતાજી મહારાજને લઈને ગામમાં ફરવા નીકળ્યા. જમવા સમયે ઘેર આવ્યા. ટેવ પ્રમાણે મહારાજે ટોપી ખીંટીએ ભેરવી. અંગરખું કાઢીને ખીંટીએ ભેરવતાં જોયું તો ખિસ્સામાં પાકીટ ન મળે! રસ્તામાં ક્યાંક પડી ગયું હશે.

મારા પિતાજીએ ગામમાં તપાસ કરાવી પણ પાકીટ મળ્યું નહિ. મહારાજ મને કહે , '' દિનુ, તું કહેતો હતો ને કે વિરમગામમાં મારો રોફ પડશે ? આજે મારો રોફ પડી ગયો!'' આમ કહી એ હસ્યા. પણ મોં પર પૈસા ખોવાયાનો જરાય ઉદ્વેગ ન મળે.

મારા પિતાજી અને બીજા સજ્જનોએ નક્કી કર્યું કે મહારાજને પૈસા આપી દેવા. પાકીટમાં તેર રૂપિયા હતા. એની જગાએ ૧૩૦ રૂપિયા આપવા માંડ્યા. પણ મહારાજે એ લેવાની સ્પષ્ટ ના પાડી, બોલ્યા : '' એ પૈસા મારી ભૂલથી ગયા છે એટલે મારે જ એ ભોગવવા જોઈએ. તમારી પાસેથી લેવાય નહીં.''

અને હું ભૂલતો ન હોઉં તો મહારાજે પોતાના મહિનાના પાંચ-સાત રૂપિયાના ખર્ચમાંથી કરકસર કરીને તેર મહિને તેર રૂપિયા બચાવેલા!

આવા સેવાધારીને ચરણે સમાજના દુઃખીપીડિતો માટે લોકો લાખો રૂપિયા ધરી દે એમાં શી નવાઈ !

# ૭. જીવનની દિશા બદલાઈ

ઈ. સ. ૧૯૪૪માં હું દાક્તરીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયો. હવે હું મારું સ્વતંત્ર દવાખાનું ખોલીશ, ખૂબ ખૂબ કમાઈશ, મોટર રાખીશ અને આરામદાયક જીવન જીવીશ : આવાં દિવાસ્વપ્નોમાં હું રાચવા લાગ્યો. અને એ સ્વપ્નો સાકાર કરવા શહેરમાં દવાખાનું ખોલવાનું મેં નક્કી કર્યું.

તે દિવસોમાં અમદાવાદમાં કાળુપુર સ્વામીનારાયણ મંદિર પાસે એક નવું મકાન બંધાતું હતું. ઈશ્વરકૃપા અને એક વડીલની મદદથી વગર પાઘડીએ ઓછા ભાડામાં એક ખંડ મળી ગયો. એક મિસ્ત્રી એક વર્ષ પછી પૈસા આપવાની શરતે ફર્નિચર બનાવી આપવા તૈયાર થયો. એ જ રીતે દવાખાના માટે શરૂઆતમાં દવાઓ આપનાર પણ મળી ગયો. આમ દવાખાના માટે બધી પૂર્વતૈયારી થઈ ગઈ.

એવામાં એક દિવસ અચાનક જ મહારાજ મારી હોસ્ટેલે આવી ચડ્યા, મારાં ખબરઅંતર પૂછ્યાં. મેં એમને મારું પરીક્ષાનું પરિણામ બતાવ્યું. એ જોઈ એ રાજી થયા. એ પછી મેં શહેરમાં દવાખાનું ખોલવાની મારી યોજના એમને જણાવી. ઊઠતી વેળા સહજભાવે એ બોલ્યા : ''દિનુ, તું ગામડામાં બેસે તો સારું.'' એટલું કહીને એ વિદાય થયા.

પણ 'દિનુ, તું ગામડામાં બેસે તો સારું' એ આપ્તવાક્યે મને વિચાર કરતો કરી મૂક્યો. અંતરમાં શ્રેય ને પ્રેયનું મંથન શરૂ થઈ ગયું. અને

આખરે શ્રેયનો વિજય થયો. મેં શહેરનો મોહ છોડી ગામડે જવાનો નિર્ણય કર્યો. મારા જીવનની દિશા બદલાઈ.

મહારાજના સૂચન મુજબ હું ગામડામાં જઈ બેઠો અને નિવૃત્તિ સુધી ગામડામાં રહી ગામડાનાં દુઃખીપીડિતોની સેવા કરતો રહ્યો. શહેરની સુખાળવી જિંદગી છોડવાનો મને ક્યારેય અફસોસ નથી થયો. એ મહાપુરુષની આપ્તવાણીના જાદુએ—એની અમી વરસાવતી આંખના જાદુએ જ મને ગામડામાં બેસવાનું અને શહેરનાં અનેક પ્રલોભનો વચ્ચે ગામડામાં ટકી રહેવાનું બળ પૂરું પાડ્યું.

ગામડામાં જતી વખતે મહારાજ પાસેથી મેં વચન લીધું હતું કે, હું ગામડે જઈશ, પણ અવારનવાર તમે મારે ત્યાં નહિ આવો તો હું શહેરમાં પાછો આવતો રહીશ! મહારાજે એ વચન પૂરેપૂરું પાળ્યું. પથારીવશ થયા ત્યાં સુધી એ મારે ત્યાં આવતા રહ્યા અને જીવનના અંત સુધી પ્રેરણા, હૂંફ અને માર્ગદર્શન આપતા રહ્યા.

# ૮. અભયનો પાઠ

સાલ યાદ નથી પણ પ્રસંગ અવશ્ય યાદ છે. અમદાવાદમાં કોમી આગ ફાટી નીકળી હતી. લોકો ભયભીત હતા, ત્રસ્ત હતા. એ દિવસોમાં અમદાવાદના જમાલપુર વિસ્તારમાં દિવસે જતાં બીક લાગતી હતી, તો રાત્રે જવાનો તો વિચાર જ ક્યાંથી આવી શકે ?

જમાલપુર ચકલામાં દવાખાનું ધરાવતા એક દાક્તરનું ખૂન થયું અને આખો વિસ્તાર ભયંકર આતંકમાં સપડાઈ ગયો.

આ પરિસ્થિતિમાં મહારાજને અંતઃસ્ફુરણા થઈ કે અભયનું વાતાવરણ સ્થપાવું જોઈએ. અને એ માટે એમણે એકલાએ જમાલપુરમાં જવાનો અને અભયની સ્થાપના ન થાય ત્યાં સુધી ત્યાં જ રહેવાનો નિર્ણય કર્યો.

નિશ્ચય મુજબ મહારાજ જમાલપુર પહોંચી ગયા. બધે નિર્ભયપણે ફરે, ગભરાયેલાંને હિંમત આપે, નિરાશ-હતાશ થયેલાંને સાંત્વન આપે, અસરગ્રસ્તોનાં આંસુ લૂછે. આ બધું કશાય દેખાવ કે જાહેરાત સિવાય, બિલકુલ સહજ રીતે કરે અને રાત્રે સૂઈ રહે કાચની મસ્જિદ આગળ ફૂટપાથ ઉપર એક ખાટલામાં. બે મિનિટમાં તો ઘસઘસાટ ઊંઘવા માંડે. ન કોઈ સાથી, ન કોઈ રક્ષક. ક્યારેક કોઈ સાથીને સૂવા દે, પણ તેય રક્ષક

તરીકે નહિ.

એક દિવસ મેં પૂછ્યું : ''મહારાજ, બીક નથી લાગતી ?'' જવાબ સરળ અને સ્પષ્ટ હતો : ''દિનુ, ભગવાનનો ભરોસો નથી ? આપણે હંમેશાં કહીએ છીએ કે ઈશ્વરની મરજી સિવાય તરણું પણ તોડાતું નથી. જો એણે મને મારવો હશે તો કોઠીમાં ભરાઈશ તોપણ નહીં છુટાય, અને બચાવવો હશે તો કોઈથી વાળ પણ વાંકો નહીં થાય.''

ઈશ્વર વિષેની કેવી શ્રદ્ધા! કેટલો બધો આત્મવિશ્વાસ!

એક દિવસ હું એમની સાથે સૂવા ગયો. પ્રાર્થના કરીને મહારાજ તો સૂઈ ગયા અને મિનિટોમાં તો નસકોરાં બોલવા લાગ્યાં. પણ મને ઊંઘ આવે નહિ. મનમાં ભય લાગ્યાં કરે. આખી રાત હું જાગતો રહ્યો. મહારાજ જાગ્યા ત્યારે મને કહે, ''દિનુ, ઊંઘ કેવી આવી ?'' મેં કહ્યું, ''મહારાજ, ઊંઘ કેવી ? બીકનો માર્યો હું તો આખી રાત જાગતો રહ્યો છું!'' એ હસ્યા ને બોલ્યા : ''ગાંડા, આજુબાજુ જે લોકો રહે છે, એ પણ ઈશ્વરનાં જ સંતાન છે. થોડાક લોકો ગાંડા થયા છે, કંઈ બધા એવા નથી. તો શું એ સારા માણસો આપણી સંભાળ નહીં લે ? અને છેવટે સૌની સંભાળ રાખનારો ભગવાન તો છે જ ને ?''

ગીતામાં દૈવી સંપદના ગુણો વર્ણવતાં ભગવાને અભયને પ્રથમ સ્થાન આપ્યું છે. મેં એ વાંચેલું તો હતું, પણ એનો પ્રત્યક્ષ પાઠ તો તે દિવસે મહારાજ પાસેથી મને શીખવા મળ્યો.

# ૯. મહારાજનો આદેશ

મહારાજના સહજ ઇશારાથી હું ગામડામાં ગયો અને મારા વતન નજીકના જેતલપુરના સાર્વજનિક દવાખાનામાં ગોઠવાયો. શરૂઆતથી જ મેં એક નિયમ કર્યો હતો કે અતિશય અગત્યના કામ સિવાય દવાખાનું છોડવું નહિ, દવાખાને નિયમિત જવું અને દર્દીઓની બરાબર સારવાર કરવી.

પણ મહારાજની ઘસાઈને ઊજળા થવાની વાત મને બહુ સ્પર્શી ગઈ હતી. એટલે અમદાવાદમાં ક્યારેક હુલ્લડ થાય અથવા ક્યાંક કૉલેરા ફાટી નીકળે તો એવે સમયે મન ત્યાં દોડી જતું. આમ એક તરફ જેતલપુરમાં દર્દીઓ પ્રત્યેની મારી ફરજ હતી, તો બીજી બાજુ યુવાનીના ઉધામા કે મારી ફરજ બીજે પણ છે. પરિણામે જેતલપુરમાં કેટલું રહેવું અને બહાર કેટલું જવું, એનો નિર્ણય હું કરી શક્તો નહોતો.

એવામાં એક દિવસ વચન મુજબ મહારાજ જેતલપુર મારે ત્યાં આવી ચઢ્યા. ખબરઅંતર પૂછી વાત્સલ્યથી વાંસે હાથ ફેરવ્યો અને બેઠા. મેં કહ્યું, ''મહારાજ, એક દ્વિધા છે. એક તરફ મારી ફરજ મને જેતલપુર છોડવા ના પાડે છે, પણ ક્યારેક કોઈ કર્તવ્ય મને જેતલપુર બહાર જવા પ્રેરે છે. મને રસ્તો સૂઝતો નથી. માર્ગદર્શન આપો.''

બહુ સ્વાભાવિક રીતે જ મહારાજે ઉત્તર આપ્યો : ''દિનુ, એમ કર. તું જેતલપુરમાં રહીને દવાખાનું ચલાવ. જ્યારે બહાર તારી જરૂર ઊભી થશે ત્યારે હું જ તને બોલાવીશ.''

મહારાજની વાત મને ગમી. મેં કહ્યું : ''મહારાજ, આજથી હું છુટ્ટો. હું જેતલપુરનું મારું દવાખાનું સંભાળીશ. મારી બહારની જરૂર તમારે નક્કી કરવાની. તમે જ્યારે બોલાવશો ત્યારે આવીશ.''

વરસ વીતતાં ગયાં. હું અવારનવાર મહારાજને યાદ કરાવતો. એકવાર એમણે મને કહ્યું, ''દિનુ, મેં તને બે વખત જેતલપુરની બહાર કાઢવાનો વિચાર કરેલો. એક વખત જ્યારે આપણા દેશના ભાગલા પડ્યા અને પંજાબ સરહદે બીબી અમતુસ્સલામ નિરાશ્રિતોને ઠેકાણે પાડવાનું ભગીરથ કાર્ય કરતાં હતાં ત્યારે, અને બીજી વખત જ્યારે બાપુ નોઆખલી ગયા ત્યારે. પણ પછી એ વિચાર મેં માંડી વાળેલો.''

સંભવ છે એ મહાપુરુષને મારી ઊણપો કે મર્યાદાઓનો ખ્યાલ હશે, અથવા એવડા મોટા જોખમમાં મને નાખવાનું એમણે ઉચિત નહીં માન્યું હોય. પ્રભુ જાણે કેમ, પણ એમણે મને બહાર ન કાઢ્યો.

પણ ઈ. સ. ૧૯૬૭માં મહારાજ દુષ્કાળપીડિતોની સહાય માટે બિહાર ગયા. ત્યાંથી એક દિવસ એમનું પોસ્ટકાર્ડ મને દહેગામ મળ્યું. લખ્યું હતું : '' દિનુ, તું બિહાર આવી જા, અહીં તારી જરૂર છે.''

મહારાજનો પત્ર મળ્યો કે એક અઠવાડિયામાં દહેગામનું મારું દવાખાનું એમનું એમ છોડી સહધર્મચારિણી સાથે નીકળી પડ્યો. પૂરા બે મહિના મહારાજ સાથે રાહતકાર્ય કર્યું.

મહારાજના સંસર્ગમાં આવ્યો ત્યારથી તે મહારાજના અવસાન સુધી એમની ઇચ્છા અને આજ્ઞા અનુસાર હું કામ કરતો આવ્યો છું. એથી મેં જીવનની ધન્યતા અનુભવી છે.

INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 30204
Date

# ૧૦. હિંમતસિંહ

જેતલપુરમાં એક દરબાર. નામે હિંમતસિંહ. નામ પ્રમાણે જ ગુણ. એમના પૂર્વજીવનની વાતો સાંભળીએ તો રોમાંચ ખડા થઈ જાય. ધોળે દિવસે જાહેરમાર્ગ ઉપર મોટર લૂંટેલી. માથાભારે માણસ. એમનું નામ સાંભળી લોક થથરે.

આવા હિંમતસિંહ સાથે મારે આત્મીય સંબંધ. મારું કામ એ અરધી રાતે કરે. મને એમનો ખૂબ સધિયારો.

એક દિવસ મહારાજ મારે ત્યાં જેતલપુર આવ્યા. દિવસ આખો રોકાયા. સાંજે મને કહે, ''દિનુ, કાલે વહેલી પરોઢે બારેજડીથી મારે ગાડી પકડવાની છે. એટલે મોડી રાતે હું અહીંથી ચાલી નાખીશ.''

મેં કહ્યું, ''મહારાજ, એમ તમારાથી જવાય નહીં. હું તમને વળાવવા બારેજડી સુધી આવીશ. આપણે અહીંથી ડમણિયું કરીશું.'' મહારાજ સંમત થયા.

મેં હિંમતસિંહને કહેવડાવ્યું. રાત્રે ડમણિયું હાજર! ઘરના ઉછેરેલા બે બળદ જોડેલા. ડમણિયામાં ઘાસ નાખી ઉપર ગોદડી પાથરેલી અને બાજુમાં મહારાજ માટે તકિયો મૂકેલો.

મેં હિંમતસિંહને પૂછ્યું : ''ડમણિયું કોણ હાંકશે ?'' હિંમતસિંહે

કહ્યું : ''ભાઈ, મહારાજને મૂકવા જવાનું હોય ત્યારે એ લાભ હું નહિ લઉં તો બીજું કોણ લેશે ? હું પોતે ડમણિયું હાંકવાનો છું. જુઓ, તૈયાર થઈને આવ્યો છું. તમારા દવાખાનાના ટાઈમે આપણે પાછા આવી જઈશું.''

અજવાળી રાતે અમે ડમણિયામાં ઊપડ્યા. હિંમતસિંહના હાથમાં બળદની રાશ હતી પણ ડચકારો સરખો કરવો ન પડે. બળદ એમના રસ્તે એકધારા ચાલ્યા જાય. બીજી બાજુ મહારાજની વાણીનો ધોધ અસ્ખલિત વહે જાય. હિંમતસિંહના હાથમાં બળદની રાશ હતી પણ કાન અને મન તો મહારાજની વાણીમાં તરબોળ. વાતોમાં ને વાતોમાં બારેજડી ક્યારે આવ્યું એની ખબર પણ ન પડી.

હિંમતસિંહે બારેજડી સ્ટેશને બળદ છોડ્યા, પૂળો નીર્યો અને અમે મહારાજને ગાડીમાં બેસાડવા ગયા. ગાડી આવી. મહારાજને ડબામાં બેસાડી પ્રણામ કરી અમે પાછા વળ્યા અનેડમણિયું જેતલપુર તરફ મારી મૂક્યું. લાગણીથી ઊભરાતે હૈયે હિંમતસિંહે મને કહ્યું : ''દાક્તરસાહેબ, તમારો ઉપકાર હું કદી નહિ ભૂલું. આવા દેવતાઈ માણસનાં તમે મને દર્શન કરાવ્યાં અને એમના સત્સંગનો લાભ અપાવ્યો. ભગવાન તમારું ભલું કરે.''

આ શબ્દો એક ભરાડી માણસના હતા.

થોડા મહિના પછીની વાત છે. અમારા જેતલપુર અને ગામડીના સીમાડા ભેગા. સદ્‌ગત સારાભાઈ ગામડીમાં રહે. દૂધનો ધંધો કરે ને સ્વામીનારાયણની માળા ફેરવે. ખૂબ જ સાત્ત્વિક માણસ. આ સારાભાઈ અને હિંમતસિંહ શેઢાપાડોશી. એક દિવસ સારાભાઈએ હિંમતસિંહના

હાથમાં સ્વામીનારાયણની માળા મૂકી અને પોતાનો દૂધનો ધંધો એમને આપ્યો. હિંમતસિંહ જેતલપુરમાં દૂધ ઉઘરાવે, ગામડી મોકલે અને ત્યાંથી સારાભાઈ તે અમદાવાદ મોકલાવે.

પછી તો હિંમતસિંહના જીવનમાં પલટો આવ્યો. એક કાળના એ ભરાડી માણસની જેતલપુરમાં બીજાના દુઃખે ઘસાનાર, પારકાનું ભલું કરનાર, ગામના ઝઘડા ઉકેલનાર અને નેકીનો ધંધો કરનાર એક સજ્જન તરીકેની છાપ ઊપસી આવી.

મહારાજે સુવિચારનું બીજ રોપ્યું અને સારાભાઈએ એને પાણી પાયું. પરિણામે એ બી અંકુરિત થઈ ધીરે ધીરે વૃક્ષરૂપે ફૂલ્યુંફાલ્યું.

# ૧૧. 'લાયબંબા'નું રૌદ્રરૂપ

અમારા દસકોસી પ્રદેશમાં મુખ્ય ખેતી ડાંગરની. પાણી મબલક જોઈએ. નહેરનું પાણી પૂરતું ન હોય. આ સંજોગોમાં સત્તાવાળાઓ દરેક ગામને ભાગે પડતું પાણી પહોંચાડે. એ માટે ગામગામના વારા બાંધી આપે. દરેક ગામને અમુક દિવસ બાંધી આપે. એટલા સમયમાં પાકને જેટલું પાણી આપી શકાય તેટલું ખરું. બાકીનું રહી જાય. એક ગામનો વારો પૂરો થાય ત્યારે બીજા ગામના ટાંપીને જ બેઠા હોય. એક કલાક પણ બગડવા ન દે.

હવે આગળના ગામવાળા થોડા વધુ કલાક પાણી મેળવવા લાંચરુશવત જેવાં સાધનોનો ઉપયોગ કરે તો ક્યારેક ગામ ગામ વચ્ચે મોટા ઝઘડા થવાનો સંભવ.

આવો એક બનાવ ૧૯૪૭-૪૮માં અસલાલીમાં બન્યો. આગલા ગામનો વારો પૂરો થતો હતો અને અસલાલીનો વારો શરૂ થવાનો હતો. લોકો ટાંપીને બેઠેલા. પણ ખબર પડી કે પાણી તો હજી અસલાલી તરફ વાળ્યું જ નથી. આગળના ગામવાળાઓએ કાર્યપાલક ઇજનેરને લાંચ આપી અસલાલીનું પાણી લઈ લીધું હતું.

તે સમયના અસલાલીના સર્વમાન્ય આગેવાન સ્વ. રણછોડકાકા. એમણે ઢોલ પિટાવીને ગામ ભેગું કર્યું અને નક્કી કર્યું કે બધાએ કાંસ ઉપર જવું અને જરૂર પડે તો કાંસ તોડી નાખવો. આ પરિસ્થિતિમાં આગળના ગામવાળા પણ જોઈ ન રહે. પરિણામે દંગલ થઈ જાય, એકાદ બે લાશો



સ઼ : ૩

પણ પડી જાય. પરિસ્થિતિ સ્ફોટક હતી.

મારા મિત્ર ચૂનીભાઈ મને જેતલપુર ખબર આપવા આવ્યા. વિગતે વાત કરી. મેં કહ્યું, ''ચૂનીભાઈ, આવા તંગ વાતાવરણમાં કાકાને સમજાવવા માટે હું ટૂંકો પડું. મારાથી આ કામ થઈ શકશે નહિ.''

શું કરવું ? અમે બન્ને ગૂંચવાયા. રસ્તો સૂઝે નહિ, પણ કોણ જાણે એકાએક મારા દિમાગમાં પ્રકાશ થયો. મેં કહ્યું, ''ચૂનીભાઈ, ચાલ અત્યારે જ મારતી મોટરે સાણંદ જઈએ. ત્યાં મહારાજ છે. રણછોડકાકા ઉપર એમનો ઠીક ઠીક પ્રભાવ છે. વળી મારા પિતાજી, આપણા ધારાસભ્ય ગુલામ રસૂલ કુરેશી, સંતબાલજી વગેરે પણ ત્યાં છે. જરૂર કાંઈક રસ્તો કાઢશે.''

અને અમે મિત્રો સાણંદ પહોંચ્યા. મુનિશ્રી સંતબાલજીને મળી બધી વાત કરી. એમને પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવ્યો. તુરત જ મહારાજ, કુરેશીભાઈ, મારા પિતાજી શિવાભાઈ વગેરેને એમણે બોલાવી લીધા. ચર્ચાને અંતે એવો નિર્ણય લેવાયો કે બધાં જ કામ પડતાં મૂકી તાત્કાલિક અસલાલી જવું.

નમતી સાંજે અમે અસલાલી પહોંચ્યા. જોયું તો ચોતરા પાસે સેંકડો માણસો હાથમાં લાકડીઓ લઈને રણછોડકાકાના હુકમની રાહ જોતા ઊભા હતા. કાકા બરાબર ક્રોધાયમાન હતા. મહારાજને મોટરમાંથી ઊતરતા જોઈ કાકાનો પિત્તો ચૂનીભાઈ ઉપર ઊછળી પડ્યો. એ બોલી ઊઠ્યા : ''અલ્યા ચૂનિયા, આ તારાં જ કામ લાગે છે. આ લાયબંબો (મહારાજ) આવ્યો! હવે મારાથી કશું જ નહીં થઈ શકે.''

આવો હતો પ્રભાવ મહારાજનો રણછોડકાકા ઉપર.

રાત્રે અમારું વાળુ રણછોડકાકાને ત્યાં જ ગોઠવાયું. કોઈ પણ મહેમાન એમને ત્યાંથી જમ્યા સિવાય જઈ શકે જ નહિ. રૂપાળીબાએ તાત્કાલિક શિરોપૂરી બનાવી દીધાં. જમીને અમે કાંસ ઉપર ગયા.

કોઈની કહેલી કે સાંભળેલી વાતો એકદમ માની લેવી નહીં, સત્ય જાતે ચકાસી જોવું, એ મહારાજની રીત. સત્ય તો દીવા જેવું સ્પષ્ટ હતું. સરકારી માણસોની હાજરીમાં પાણી આગળના ગામના કાંસમાં જ જતું હતું. થોડે દૂર એ ગામના લોકો એકઠા થઈ પાણીની આ ચોરી જોઈ રહ્યા હતા.

બધાને સત્ય સમજાઈ ગયું. રાતના લગભગ બાર વાગ્યા હશે. મહારાજે કહ્યું : ''ચાલો હમણાં જ આપણે બધા કાર્યપાલક ઇજનેર પાસે જઈએ અને આ ચોરીની વાત કરીએ.''

મેં કહ્યું, ''મહારાજ, અત્યારે અડધી રાતે ?''

''હા દિનુ, હમણાં જ. આમાં ઢીલ ન ચાલે.'' મહારાજે કહ્યું.

અને અમે મધરાતે કાર્યપાલક ઇજનેરને બંગલે પહોંચ્યા. દરવાનને ઉઠાડ્યો. મહારાજે એને કહ્યું, '' ભાઈ, તારા સાહેબને અત્યારે જ ઉઠાડ. કહેજે કે રવિશંકર વ્યાસ આવ્યા છે ને હમણાં જ મળવું છે.''

દરવાન ગયો. ઇજનેરને ઉઠાડીને લઈ આવ્યો. અમે બધા એમના દીવાનખંડમાં બેઠા. બધા વતી રજૂઆત મહારાજે કરવાની હતી. એમણે ઇજનેરને નજરે જોયેલી પાણીની ચોરીની હકીકત સ્પષ્ટ શબ્દોમાં જણાવી અને એ વાત ખોટી હોય તો તપાસ કરવા જણાવ્યું. વાત તો દીવા જેવી હતી. ઇજનેર પાસે એનો કોઈ જવાબ નહોતો.

અને મહારાજનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠ્યો. એમણે એ જ ક્ષણે

મુંબઈ પ્રધાનને લાઈટનિંગ ટેલિફોન કરવા સૂચના કરી. મેં કહ્યું, ‘‘મહારાજ, અત્યારે રાત્રે પ્રધાનસાહેબને ઉઠાડાય ?’’ એમણે કહ્યું, ‘‘કેમ ન ઉઠાડાય ? આવા કામે નહીં ઉઠાડીએ તો ક્યારે ઉઠાડીશું ?’’

ટેલિફોન જોડાયો. મહારાજે સત્ય હકીકત સાથે પરિસ્થિતિની ગંભીરતા પ્રધાનશ્રીને જણાવી અને ટેલિફોન ઉપર જ કાર્યપાલક ઈજનેરની બદલીનો હુકમ મેળવ્યો!

આમ તાત્કાલિક અસલાલીને થયેલો અન્યાય દૂર થયો. રણછોડકાકાને અને ગામલોકોને રાહત થઈ.

આ પ્રસંગમાંથી મને કેટલાક મૂલ્યવાન પાઠ શીખવા મળ્યા.

૧. તાત્કાલિક ઉકેલ માગે એવું કામ આવી પડે ત્યારે બીજાં બધાં કામ પડતાં મૂકી તેની તરફ ધ્યાન આપવું.

૨. કોઈની સાંભળેલી વાત માની ન લેવી, સત્ય હકીકતની ચકાસણી જાતે કરવી.

૩. સત્યની પ્રતીતિ થાય તો પ્રશ્ન ઉકેલવા તાત્કાલિક ઉપાય કરવો.

૪. સત્યને પડખે ઊભા રહેવું અને જેને અન્યાય થયો હોય તેને શક્ય તે બધી મદદ કરવી.

મહારાજના આજ સુધીના મારા પરિચયમાં મેં એમનું પ્રેમાળ અને કરુણાર્દ્ર સ્વરૂપ જ જોયું હતું. આ પ્રસંગે પ્રથમવાર મેં એમનું રૌદ્રરૂપ જોયું. કાર્યપાલક ઈજનેર ને પ્રધાનશ્રી સાથેની વાતમાં પ્રગટ થયેલું એ સ્વરૂપ આજે પણ હું ભૂલી શક્યો નથી.

# ૧૨. કેવો પ્રભાવ! કેવો વિશ્વાસ!

૧૯૪૮ની એ સાલ હતી. મેં યુરોપ જવાનો વિચાર કર્યો. નવા નવા દેશ જોવાની ને નવું નવું જાણવાની તાલાવેલી હતી, મનમાં અદમ્ય ઉત્સાહ હતો. મને થયું કે પરદેશમાં મારી પાસે કોઈ જાણીતી વ્યક્તિનો સાદો ભલામણપત્ર હોય તો સારું. અલબત્ત, એ ભલામણપત્ર એવી વ્યક્તિનો હોય જેને વિદેશમાં ઓળખાવવી ન પડે. ટૂંકમાં, કોઈ સરકારી અધિકારીનો, સરકારના સહીસિક્કાવાળો ભલામણપત્ર હોય તો ઉપયોગી થાય.

હું એવી કોઈ વ્યક્તિને ઓળખું નહિ. 'મિયાંકી દૌડ કહાં તક? મસીદ તક,' એ ન્યાયે મેં મહારાજને વાત કરી. એમણે કહ્યું, ''દિનુ, સરદાર વલ્લભભાઈનો ભલામણપત્ર ચાલે ?''

''મહારાજ, સરદાર સાહેબ તો આપણા દેશના નાયબ વડાપ્રધાન. એમની ભલામણ ન ચાલે તો કોની ચાલે ? પણ આવા નાના કામ માટે આવા મહાપુરુષને તકલીફ આપવી એ મને ઠીક નથી લાગતું.''

''તો મુંબઈ રાજ્યના મુખ્યમંત્રીશ્રીની ચિઠ્ઠી ચાલશે ?''

'' હા મહારાજ, જરૂર ચાલે.''

તરત જ મહારાજે મને સદ્ગત બાળાસાહેબ ખેર ઉપર ચિઠ્ઠી લખી આપી અને કહ્યું, '' લે દિનુ, આ લઈને તું મુંબઈ જઈ બાળાસાહેબને

આપજે. બનતાં સુધી તારું કામ થઈ જશે.''

ચિઠ્ઠી લઈને બીજે દિવસે હું મારા મિત્ર ચૂનીભાઈ સાથે મુંબઈ ઊપડ્યો. સવારના મુંબઈ ઊતરી એક સંબંધીને ત્યાં નાહીધોઈ અમે સચિવાલય જવા નીકળ્યા. અગિયાર વાગ્યે ખેર સાહેબની ઑફિસે જઈ તેમના પી.એ.ને મળ્યા ને કહ્યું,''અમારે ખેરસાહેબને મળવું છે.''

''તમે ટાઈમ લીધો છે ?'' જવાબ મળ્યો.

મેં કહ્યું, '' ટાઈમ તો નથી લીધો પણ આ ચિઠ્ઠી લઈને આવ્યા છીએ. તેમને મળીને રાતના મેલમાં અમારે અમદાવાદ જવું છે.''

''માફ કરજો, આ રીતે મુખ્યમંત્રીને ન મળાય. તમે કહો તો હું તમને ટાઈમ આપું.''

''કૃપા કરીને આ ચિઠ્ઠી ખેરસાહેબને ન પહોંચાડો ?'' મેં કહ્યું.

એમણે હા કહી. એટલે ચિઠ્ઠી એમના ટેબલ ઉપર મૂકી અમે બન્ને મિત્રો બહાર આવ્યા.

ચૂનીભાઈ તે દિવસોમાં શ્રી મોરારજીભાઈના રહસ્યમંત્રી રઘુનાથજીને ઓળખે. મને કહે : ''દિનુભાઈ, આપણે રઘુનાથજીને મળીએ, અને શક્ય હોય તો મોરારજીભાઈનો ભલામણપત્ર મેળવીએ. તે પણ ચાલશે.''

અમે રઘુનાથજીને મળ્યા. બધી વાત ચૂનીભાઈએ કરી. રઘુનાથજીને તે ગળે ઊતરી. એમણે કહ્યું : ''આ જાતનો ભલામણપત્ર તો હું મેળવી આપીશ, પણ એ માટે કેટલીક વિધિ કરવી પડે. એમાં સહેજે ત્રણચાર કલાક નીકળી જાય. એટલે તમારે શહેરમાં બીજું કંઈ કામ હોય તે પતાવીને ત્રણેક વાગ્યે અહીં આવો. હું કાગળ તૈયાર રાખીશ.''

મને મોટો સધિયારો મળી ગયો. ખૂબ આનંદ થયો. અમે બન્ને મિત્રો શહેરમાં ગયા, જમ્યા ને ફર્યા. ત્રણેક વાગ્યે સચિવાલયે પાછા આવ્યા. અંદર પેસતાં જ એક પટાવાળો મળ્યો. એણે મને કહ્યું,''તમારું નામ દિનુભાઈ ? તમે અમદાવાદથી આવો છો ? તમને મુખ્યમંત્રીશ્રીની ઑફિસમાં બોલાવે છે.''

અમે ખેરસાહેબની ઑફિસે પહોંચ્યા. ત્યાં જ પેલા પી.એ. મળ્યા. અમને કહે : ''તમે ક્યાં જતા રહ્યા હતા ? ખેરસાહેબ તમારી વાટ જુએ છે. એમણે કહ્યું છે કે દિનુભાઈ આવે કે તરત અંદર મોકલી આપજો.''

એ દિવસોમાં હૈદરાબાદનું પોલીસ એકશન ચાલતું હતું. હૈદરાબાદથી એક પ્રતિનિધિમંડળ આવ્યું હતું અને ખેરસાહેબ એની સાથે અગત્યની મંત્રણામાં રોકાયેલા હતા. છતાં પી.એ. અમને અંદર લઈ ગયા અને એમણે ખેરસાહેબને અમારા આવ્યાની જાણ કરી. પેલા પ્રતિનિધિમંડળના સભ્યો તરફ ફરીને ખેરસાહેબે કહ્યું,'' મિત્રો, પાંચેક મિનિટ આ છોકરા સાથે વાત કરી લેવા દેશો ? પછી આપણી વાત આગળ ચલાવીએ.''

અને એમણે અમને બન્ને મિત્રોને બેસાડ્યા. ટેબલ ઉપરથી એક સરકારી કાગળ ખેંચી કાઢ્યો અને પોતાના હસ્તાક્ષરમાં લખવા બેઠા. નહીં ટાઈપની ઝંઝટ કે નહીં કોઈ વિધિ. સુંદર ભલામણપત્ર લખી પોતાની સહી કરી મારા હાથમાં મૂક્યો.

મારાથી વિવેક ખાતર પૂછી બેસાયું, '' બાળાસાહેબ, આપનાથી આ જાતનો ભલામણપત્ર મને આપી શકાય ?''

મારી સામે તીરછી નજર કરીને એ બોલ્યા : “ છોકરા, તું કોની ચિઠ્ઠી લઈને આવ્યો છે તેનું તને ભાન છે ?”

ખેરસાહેબના આ શબ્દોથી મારું રોમ રોમ પુલકિત થઈ ઊઠ્યું. મહારાજનો ખેરસાહેબ ઉપર કેવો પ્રભાવ ! અને ખેરસાહેબને મહારાજ ઉપર કેટલો વિશ્વાસ!

આજે આવા બાળાસાહેબને ક્યાં શોધવા ? અને આવા મહારાજને ક્યાં પામવા ?

આજે પણ બાળાસાહેબના એ શબ્દો મારા મનમાં ગુંજી રહ્યા છે : “છોકરા, તું કોની ચિઠ્ઠી લઈને આવ્યો છે તેનું તને ભાન છે ?”

# ૧૩. વિએનામાં મહારાજનો પ્રભાવ

હું યુરોપ પહોંચ્યો. વિએના ગયો. બીજા વિશ્વયુદ્ધમાં વિએના ખોખરું થઈ ગયેલું. પહેલાં નાઝીઓના હાથે ને પછી મિત્ર દેશોના હાથે. શહેરમાં કેટલીય જગાએ મકાનો સાવ ખંડિયેર. જ્યાં જુઓ ત્યાં અપંગો નજરે પડે. હૉસ્પિટલો ચિકાર.

વિએના શહેર શસ્ત્રક્રિયા માટે જાણીતું. સંગીતની એ રાજધાની. બિથોવન અને મોઝાર્ટના સંગીતથી વિએના મહેકતું હતું.

આવા વિએનામાં હું પહોંચ્યો. ન જાણું ભાષા, ન જાણું રીતરિવાજ. નહીં કોઈ મિત્ર કે સ્વજન. પાકો શાકાહારી. તે દિવસોમાં વિએનામાં શાકાહાર કરતાં માંસાહાર સસ્તો. મારી પાસે પૈસા મર્યાદિત. વીશીમાં જવું પોસાય નહિ. એકલા બટાટા અને પાંઉરોટીથી ચલાવું.

ધીમે ધીમે કરીને થોડાક માણસોના પરિચયમાં આવ્યો. સવારના તો હું મારા અભ્યાસમાં રોકાયેલો હોઉં પણ બપોર પછી નવરો પડું ત્યારે એક યા બીજા પરિચિત મિત્રને મળું ને વાતો કરું. હું મહારાજથી બહુ પ્રભાવિત. એ મારા અંતરદેવતા. એટલે મિત્રો સાથે વાતો કરતાં સ્વાભાવિક રીતે જ મહારાજની વાતો મારે મુખેથી સરી પડે. અને એમાં પણ 'ઘસાઈને ઊજળા થાઓ'વાળી વાત તો કહ્યા વિના રહી શકું જ નહીં.

મહારાજની વાતો એ મિત્રો મુગ્ધભાવે સાંભળે. અને એનાથી પ્રભાવિત થાય. તે દિવસોમાં મહારાજને વિએના આવવાનું થયું હોત તો ચાળીસ-પચાસ માણસો એમને ઍરપોર્ટ ઉપર આવકારવા આવત, એવડું એમનું ચાહકમંડળ ઊભું થયેલું. એમાંના બેએક મિત્રોની વાત કહ્યા વિના રહી શક્તો નથી.

એક ખૂબ જ સુખી યુગલ : ફ્રાન્સિસ અને જેની. બન્ને ખૂબ જ પ્રેમાળ. વિએનાના ધનાઢ્ય લત્તામાં રહે. વિએનાથી થોડા માઈલ દૂર એક સુંદર ફાર્મહાઉસ ધરાવે. બન્ને પતિપત્ની મહારાજના 'ઘસાઈને ઊજળા થાઓ' મંત્રથી પ્રભાવિત.

એક દિવસની વાત છે. વિએનાના મેયરે જરૂરિયાતવાળા લોકો માટે કપડાં આપવા અપીલ બહાર પાડી. બહેન જેનીએ મહારાજની વાતો સાંભળેલી. એ એનાં અને ફ્રાન્સિસનાં બધાં કપડાં મોટરમાં લઈ જઈને ખાલી કરી આવી. ફ્રાન્સિસે સાંજે ઘેર આવીને એ જાણ્યું. એ બન્ને મને મળ્યા ત્યારે ફ્રાન્સિસે કહ્યું,''દિનુ, આ જેનીએ તો મને અર્ધનગ્ન ફકીર બનાવી દીધો!''

અમે ખૂબ હસ્યાં. જેનીએ કહ્યું,''દિનુ, મહારાજે ઘસાઈને ઊજળા થવાની વાતો કરી છે ને ? તો એની શરૂઆત ઘરથી જ કરવી જોઈએ ને?''

★

તે દિવસોમાં મારી પાસે એક નાનકડી ડાયરી રહેતી હતી. એમાં ગુજરાતી તિથિવાર હતાં. એક દિવસ અમે બેઠાં હતાં. ડાયરી જોઈ મેં સહજ ભાવે કહ્યું,''ફ્રાન્સિસ, એકાદ મહિના પછી અમારી દિવાળી આવશે.''

"દિવાળી એટલે શું ?" ફ્રાન્સિસે પૂછ્યું.

મેં કહ્યું,"એ અમારો તમારા નાતાલ જેવો મોટો તહેવાર. તે દિવસોમાં અમે સારું સારું જમવાનું બનાવીએ, મિત્રોને મળીએ, ફટાકડા ફોડીએ, રાત્રે દીવા કરીએ, ઘર શણગારીએ—આવું બધું કરીએ."

આ વાતને અઠવાડિયાં વીતી ગયાં. હું તો દિવાળી ભૂલી ગયો, પણ ફ્રાન્સિસ ન ભૂલ્યો. એક દિવસ એણે મને કહ્યું,"દિનુ, અમુક દિવસે તું અમારા ફાર્મહાઉસ ઉપર ન આવે ? આપણે વાતો કરીશું." મેં હા પાડી.

નિયત તારીખે હું ફાર્મહાઉસ ઉપર ગયો. જઈને જોઉં છું તો આખું ફાર્મહાઉસ સુંદર રીતે શણગારેલું, અસંખ્ય મીણબત્તીઓ જલાવેલી, તોરણો ને રબરના ફુગ્ગા લટકાવેલા અને ટેબલ ઉપર ચાળીસ-પચાસ માણસો માટે શુદ્ધ શાકાહારી ભોજન તૈયાર. અમે દારૂખાનું ફોડ્યું, બધા મિત્રો સાથે જમ્યા અને મોડી રાત સુધી મજા કરી.

ફ્રાન્સિસ કહે : "દિનુ, તું ભૂલી ગયો પણ આજે તારી દિવાળી છે. મહારાજ કહે છે કે બીજા માટે ઘસાવું. તું અમારો દોસ્ત છે, સ્વજનોથી દૂર છે. અમારે આ ન કરવું જોઈએ ?"

મેં લાગણીભર્યાં હૈયે કહ્યું, "ફ્રાન્સિસ, હું સ્વજનો વચ્ચે જ છું."

★

એક બહેન. એમનું નામ ગુસ્તીબહેન. મહારાજની વાતોથી એ એટલાં બધાં પ્રભાવિત થયેલાં કે પછીનાં વરસોમાં ત્રણ ત્રણ વાર ભારતમાં આવી ગયાં. સાગર યુનિવર્સિટીમાં દક્ષિણ ગુજરાતના ચૌધરી આદિવાસીઓ ઉપર મહાનિબંધ લખી પીએચ.ડી. થયાં. જુગતરામ દવેના વેડછી

આશ્રમમાં પણ રહી આવ્યાં. મહારાજને મળ્યા વિના તો કેમ રહી શકે ?

હું વિએનાથી હિન્દુસ્તાન આવવા નીકળ્યો ત્યારે આ બહેને ખૂબ વિવેકથી મને કહ્યું,"દિનુ, તારી પાસે એક ચીજ માગવી છે. આપીશ ?"

"અપાય એવી હશે તો જરૂર આપીશ." મેં કહ્યું. એણે શું માગ્યું ? મહારાજનો ફોટો. મારી પાસે ચાંદીની ફ્રેમમાં મઢેલો પૂ. મહારાજનો ફોટો હતો, જે હંમેશાં મારા ટેબલ ઉપર રહેતો હતો. મેં તે એને આપી દીધો.

હજુ આજે પણ એ ફોટો એના પિયાનો ઉપર પડેલો છે. સવારે એને નમસ્કાર કરે છે ને બેચાર ફૂલ એની આગળ ધરે છે.

# ૧૪. ટ્રસ્ટીશિપની ભાવના

ઈ. સ. ૧૯૫૦ની વાત છે. હું આણંદમાં ડૉ. કુક સાથે કામ કરતો હતો. મહારાજ અવારનવાર મારે ત્યાં આવે. એક દિવસ આવ્યા. સાંજે મને કહે, : ''દિનુ, કાલે મારે સાબરમતી આશ્રમ જવું છે.''

મેં કહ્યું, ''મહારાજ, હું આપની સાથે આવીશ. મને આવવાની અનુકૂળતા છે.'' મહારાજ ખુશ થયા.

બીજે દિવસે અમે સાબરમતી જવા નીકળ્યા. આણંદ સ્ટેશને આવ્યા. મહારાજ કહે, '' દિનુ, બે ટિકિટ મણિનગરની લેજે.''

અમારે જવાનું હતું સાબરમતી આશ્રમમાં. તો કાળુપુરને બદલે ટિકિટ મણિનગરની કેમ ? મને પ્રશ્ન થયો. પણ કદાચ મહારાજને મણિનગરમાં કોઈને મળવું હશે એટલે મણિનગરની ટિકિટ લેવા કહ્યું હશે, એમ મેં માન્યું.

ગાડી આવી અને અમે ડબામાં બેઠા. મહારાજની બેસવાની રીત જુદી. સામાન્ય મુસાફર મોકળાશથી બેસે. મહારાજ સંકોચાઈને બેઠા, જેથી બીજા વધારે મુસાફરો બેસી શકે. ગાડી ઊપડી. મહારાજ તો જંગમ વિદ્યાપીઠ. અનુભવની અનેક વાતો એમને મુખેથી નીકળ્યા જ કરે. બસ, સાંભળ્યા જ કરીએ.

મણિનગર આવ્યું અને અમે ગાડીમાંથી ઊતરી, ટિકિટો આપી બહાર ચાલવા માંડ્યું. મેં પૂછ્યું, ‘‘મહારાજ, મણિનગરમાં આપણે કોને ત્યાં જવાનું છે ?’’

‘‘દિનુ, તું ભૂલી ગયો ? કાલે તો આપણે વાત થઈ છે કે સાબરમતી આશ્રમ જવાનું છે.’’

‘‘મહારાજ, તો તો આપણે કાળુપુર ઊતર્યા હોત તો ત્યાંથી સાબરમતી આશ્રમ નજીક પડત ને ?’’

‘‘મને ખબર છે. પણ અહીં ઊતર્યા એટલે સમાજના ચારપાંચ આના બચી જશે ને ? તું સાથે ન હોત તો હું તો કદાચ આણંદથી ચાલી નાખત!’’

•

ઘર છોડ્યા પછી મહારાજના અંગત ખર્ચનો ભાર સમાજ ઉઠાવતો હતો. સમાજ માટે વધારેમાં વધારે ઘસાવું અને એની પાસેથી ઓછામાં ઓછું લેવું, એની ચીવટ મહારાજ સતત રાખતા. આવી હતી એમની ટ્રસ્ટીશિપની ભાવના.

# ૧૫. નામનો પ્રતાપ

૧૯૪૭ થી ૧૯૫૨ સુધી દાદાએ દુષ્કાળપીડિત બનાસકાંઠાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવેલું. એક વરસ પૂરતો વરસાદ ન પડવાથી રાધનપુર તાલુકામાં અનાજ નહીં પાકેલું. કદાચ સરકાર અનાજ મોકલાવે પણ લોકોની પાસે પૈસા નહોતા. અનાજ વિના લોકો ભૂખે મરે એવી પરિસ્થિતિ હતી. મહારાજ એમની રીતે લોકોને ઉપયોગી થવા કોશિશ કરી રહ્યા હતા.

હું દહેગામમમાં મારો દાક્તરી વ્યવસાય કરી રહ્યો હતો. મારા દહેગામ તાલુકામાં પ્રમાણમાં બાજરી સારી પાકી હતી. લોકોનાં મન સંતુષ્ટ હતાં.

એક દિવસ દાદા મારે ત્યાં આવ્યા. એક દિવસ રોકાયા. જતી વખતે બોલ્યા, ''દિનુ, તમારે ત્યાં બાજરી ઠીક ઠીક પાકી છે. મારા રાધનપુરમાં દુકાળ છે. થોડી બાજરી ન મોકલે ?''

મેં પૂછયું, ''દાદા, થોડી એટલે કેટલી ?''

દાદાએ કહ્યું, ''આશરે પચીસ મણ મોકલશે તો બસ થશે.'' આટલી વાત કરી તેઓ ગયા.

બીજા દિવસે હું મારા મિત્ર ચતુરભાઈ પાસે ગયો. ચતુરભાઈ દહેગામ તાલુકાના લોકમાન્ય આગેવાન. મહારાજથી કંઈક અંશે પ્રભાવિત. મેં એમને કહ્યું,''મુખી, દાદા આવ્યા હતા. રાધનપુરમાં દુષ્કાળ છે.

આપણી પાસે બાજરીની આશા રાખે છે.''

મુખી કહે, ''કેટલી બાજરીની ?''

મેં કહ્યું, '' આશરે પચીસ મણ મોકલીએ તો એમને સંતોષ છે.''

મુખી કહે, '' દિનુભાઈ, દાદા મંગાવે ને ફક્ત પચીસ મણ મોકલીએ એ તે કંઈ સારું કહેવાય ?''

''તો તમને ઠીક લાગે તેટલી મોકલાવીએ.'' મેં કહ્યું.

વાત પૂરી થઈ. મુખીનો સંદેશો તાલુકાના ગામેગામ ફરી વળ્યો. નહીં પત્રિકા, નહીં સભા. એક મોંએથી બીજા મોંએ વાત પહોંચી ગઈ કે, રવિશંકર મહારાજને બાજરીની જરૂર છે અને તેઓ આપણી પાસે આશા રાખે છે.

મહારાજનું નામ, મુખીનું કામ અને અમારા તાલુકાની પ્રજાની પડોશી પ્રત્યેની ભાવના – આ ત્રણનો સમન્વય થયો અને અમારા આશ્ચર્ય વચ્ચે, કોઈ જાતની વ્યવસ્થા ઊભી કર્યા સિવાય મુખીના ગોદામમાં બે હજાર મણ બાજરીનો ઢગલો થઈ ગયો! હું ભાવવિભોર થઈ ગયો. મહાપુરુષનો પ્રભાવ શું કરી શકે છે, તે મને આ ઘટનાથી સમજાયું.

હવે આ બાજરી અમારે રાધનપુર પહોંચાડવાની હતી. ચતુરભાઈ દહેગામમાં ટ્રાન્સપોર્ટનો ધંધો કરે. એમણે ખટારાવાળા મિત્રોને બોલાવી વાત કરી કે આપણે મહારાજને રાધનપુર બાજરી પહોંચાડવાની છે. બધાએ વાત સ્વીકારી. એમણે ભેગા મળી ઠરાવ્યું કે દરેક જણ રાધનપુરના ચાર ફેરા કરશે અને દરેક ફેરે ૧૦૦ ગૂણી બાજરી લઈ જશે. પેટ્રોલ ખર્ચ પણ પોતે ભોગવશે.

આ મહારાજની સેવાસુવાસનો પ્રતાપ!

ચતુરભાઈએ અને મેં નક્કી કર્યું કે એક ટ્રક સાથે અમારે બન્નેએ રાધનપુર દાદાનાં દર્શને જવું. કંઈક અંશે સારું કામ થયાની શાબાશી મેળવવાનો ઊંડે ઊંડે અભરખો પણ ખરો !

અમે બન્ને એક ખટારા સાથે રાધનપુર જવા નીકળ્યા. રસ્તે વિરમગામ આવ્યું. એ દિવસોમાં કાયદો હતો કે મ્યુનિસિપાલિટીની હદમાં થઈને કોઈ પણ ખટારો પસાર થાય તો એણે જકાતનાકે જકાત ભરી દઈ ત્યાંથી બહાર નીકળ્યાનું પ્રમાણપત્ર લઈ લેવું પડતું. એ પછી અરજી કરવાથી ભરેલ જકાત પાછી મળે. આ વિધિ ઠીક ઠીક ચાલે. અમારા મુખી અકળાયા. આ બધી એમને તો ઝંઝટ લાગે. એ તો સહેલો રસ્તો શોધે. પણ ના. આ તો દાદાનું કામ! કશું જ બિનકાયદેસર ન કરવું એવો મારો આગ્રહ.

જકાતનાકે અમને રોક્યા. જકાત માગી અને એ અંગે જે વિધિ કરવાની હતી તે જણાવી. બિલકુલ કાયદેસર વાત હતી. મેં કારકુનને પૂછ્યું, ''ભાઈ, મ્યુનિસિપાલિટીના પ્રમુખ કોણ છે ?''

''મિયાંજીભાઈ'' જવાબ મળ્યો. મારું નાનપણ વિરમગામમાં વીતેલું. એટલે મિયાંજીભાઈને સહેજસાજ ઓળખું. મેં એમને સંદેશો મોકલાવ્યો કે રવિશંકર મહારાજ માટે અમે બાજરી લઈને રાધનપુર જઈ રહ્યા છીએ અને જકાતનાકે આવી ગૂંચવણ ઊભી થઈ છે.

મિયાંજીભાઈ તરત આવ્યા. મેં બધી વાત કરી ને બિલકુલ કાયદેસર થતું હોય તે કરવામાં મદદ કરવા વિનંતી કરી. મિયાંજીભાઈએ તુરત જ કારકુનને કહ્યું, ''જકાતની પહોંચ ફાડો.'' કારકુને પહોંચ ફાડી અને જકાતના પૈસા મિયાંજીભાઈએ પોતાના ખિસ્સામાંથી આપી દીધા! પછી ગોલવાડી દરવાજાના જકાતનાકા સુધી અમારી સાથે આવ્યા, ત્યાંથી માલ બહાર નીકળી ગયાનો દાખલો લીધો અને પછી બોલ્યા, ''દિનુભાઈ,

મહારાજનું કામ કરવાનો તમે મને મોકો આપ્યો એ માટે તમારો આભાર. મહારાજને મારી સલામ કહેજો. મહારાજ અલીગઢ મારે ત્યાં આવી ગયા છે.''

મને થયું : ''આ મહાપુરુષ ક્યાં ક્યાં પહોંચી ગયો છે! જ્યાં જુઓ ત્યાં એની હાજરી વર્તાય છે.''

અમે રાધનપુર પહોંચ્યા. દાદાને પગે લાગ્યા. દાદા તો બે હજાર મણ બાજરીની વાત સાંભળી ખુશ ખુશ થઈ ગયા. અમને કહે, ''દિનુ, તમે પુણ્યનું કામ કર્યું !'' મેં કહ્યું,''દાદા, અમે કશું જ કર્યું નથી, આ તો તમારા નામનો, અમારા આ મુખીના કામનો, મિયાંજીભાઈ જેવાની લાગણીનો અને દહેગામ તાલુકાના ખેડૂતોની ઘસાઈ છૂટવાની ભાવનાનો પ્રતાપ છે.''

# ૧૬. મહારાજની બહુશ્રુતતા

વર્ષો પહેલાંની વાત છે. ભદ્રના કિલ્લા પાછળના ચોગાનમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું ભાષણ હતું. એક વિદ્યાપુરુષ તરીકે ડૉ. રાધાકૃષ્ણન્ આખી દુનિયામાં જાણીતા હતા. ધર્મ ને સંસ્કૃતિના તો પ્રકાંડ પંડિત. એટલે અમદાવાદનો આખો શિક્ષિત સમાજ એમને સાંભળવા ઊમટ્યો હતો. મહારાજ પણ આવેલા. હું એમની સાથે હતો.

સ્વાગતવિધિ પૂરી થઈ કે ડૉ. રાધાકૃષ્ણનનું ભાષણ શરૂ થયું. શુદ્ધ અંગ્રેજીમાં અસ્ખલિત વાગ્ધારા છૂટી, જાણે ગંગાજીનો પ્રવાહ. સભામાં અદ્ભુત શાંતિ પથરાઈ ગઈ. શ્રોતાઓ તલ્લીન બની સાંભળી રહ્યા હતા. મહારાજ પણ એમની લાક્ષણિક ઢબે હડપચી ઉપર હાથ ટેકવી ઉભડક બેસીને એકચિત્તે ભાષણ સાંભળતા હતા, જાણે વર્ષાકાળે ચાતક મેઘબિંદુ ઝીલી રહ્યું ન હોય. પોતાના ભાષણથી ડૉ. રાધાકૃષ્ણને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા. ભાષણ પૂરું થયું ત્યારે જાણે બધા જ્ઞાનસમાધિમાંથી જાગ્યા હોય એવું લાગ્યું.

પ્રવચનને અંતે સભા શાંતિથી વિખેરાવા લાગી. અમે પણ ઊઠ્યા. મારા અટકચાળા મનમાં કેટલાક પ્રશ્ન ઊઠેલા. તે હું મહારાજને પૂછ્યા વિના રહી શક્યો નહીં. મેં પૂછ્યું, "દાદા, ડૉ. રાધાકૃષ્ણનનું ભાષણ અંગ્રેજીમાં હતું. અંગ્રેજી જાણનારને પણ સમજવું અઘરું લાગે એવું એ ભાષણ હતું. તમે તો અંગ્રેજી બિલકુલ જાણતા નથી. છતાં તમે એનું

રસપાન કરી રહ્યા હતા, ભાષણ સાંભળવામાં મગ્ન હતા. એ કઈ રીતે ? આ મારી મૂંઝવણ છે."

મહારાજે બહુ સહજભાવે જવાબ આપ્યો, "દિનુ, એ ભાષણમાં વારે વારે સંસ્કૃતના શ્લોકો – મંત્રો આવતા હતા. એ મને સમજાતા હતા. એ શ્લોકો કે મંત્રોને આધારે હું એનો પૂર્વાપરસંબંધ બેસાડતો હતો કે આ શ્લોક આવ્યો એટલે આગળ આવું આવું કંઈક આવ્યું હશે અને હવે આવું આવું કંઈક આવશે, એવી કડીઓ હું જોડતો હતો. આમ મારા સંસ્કૃતના જ્ઞાનને આધારે હું એ ભાષણ કંઈક માણતો હતો."

મને દાદાની કસોટી કરવાનું મન થઈ આવ્યું. મેં પૂછ્યું, "તો, કહો ત્યારે, ડૉ. રાધાકૃષ્ણને ભાષણમાં શું કહ્યું હતું ?"

અને મારા આશ્ચર્ય વચ્ચે દાદાએ ભાષણનો સાર કહી સંભળાવ્યો. હું બહુ નવાઈ પામ્યો. હું વિચાર કરવા લાગ્યો કે માત્ર છ ચોપડી ભણેલ એક માણસ આવું ઉચ્ચ કક્ષાનું અંગ્રેજી ભાષણ માત્ર સંસ્કૃત શ્લોકોને આધારે માણી શક્યો એનું સંસ્કૃતનું જ્ઞાન કેવું ઉચ્ચ કોટિનું હશે !

# ૧૭. રખાવટ શું નથી કરતી ?

અમારા દહેગામ બાજુનું આંબલીઆરા ગામ. નાનું રજવાડું. તેના ઠાકોર સાહેબ અતિ આગ્રહી, તેજસ્વી અને કડક સ્વભાવના. તેમના રજવાડામાં ચોરી-ડકાટીનું નામ ન મળે. ચોરના પગ આંબલીઆરાની હદથી હંમેશાં આઘા રહે. ઠાકોરસાહેબનો એવો તાપ. પણ હાં, એ ગમે તે કરી શકે, ગમે તેને દંડી શકે. પ્રજાને એમનો ભારે ત્રાસ. પણ વાઘને કોણ કહે કે, તારું મોં ગંધાય છે ?

આ ઠાકોર સાહેબ એકથી વધારે વખત પરણેલા. આગળનાં ઠકરાણાં જુદાં રહે અને બાળકોને મોટાં કરે. પણ એમની જિવાઈ બંધાયેલી નહીં. એટલે દુઃખમાં દહાડા કાઢે અને છાનાં આંસુ સારે. એમની વહાર કોણ કરે ? ઠાકોર સાહેબની ખફગી કોણ વહોરે ?

દાદાને ક્યારેક આંબલીઆરા જવાનું થયું હશે. ત્યારે એમના જાણવામાં આવ્યું હશે કે દરબારગઢમાં અમુક ઠકરાણાં અમુક કારણોસર દુઃખી છે.

બસ થઈ રહ્યું ! એક વખત કોઈનું દુઃખ દેખાયું કે દાદાની સંવેદનાના તાર ઝણઝણી ઊઠે, એમની સમગ્ર ચેતના એ દુઃખ દૂર કરવા કામે લાગી જાય.

તે દિવસોમાં આંબલીઆરા રજવાડું વડોદરા રાજ્યના સંચાલનમાં હતું. વડોદરા તો દાદાનું ઘરઆંગણું. રાજ્યના મોટા મોટા અધિકારીઓ

સાથે એમને પરિચય. તેઓ દોડ્યા વડોદરા. કોણ જાણે કેટલાય ધક્કા ખાધા હશે. પણ છેવટે ઠકરાણાં માટે જિવાઈ બંધાવીને જ જંપ્યા.

હવે ઠકરાણાં કંઈક રાહતનો દમ લઈ શક્યાં. દહેગામમાં ઘર ભાડે રાખી રહેવા લાગ્યાં. ત્યાં છોકરાં મોટાં કરે અને બાકીનો સમય ઈશ્વરભજનમાં વિતાવે.

દાદા જ્યારે દહેગામ આવે ત્યારે બાસાહેબ(ઠકરાણાં)ને મળવા જાય. સાથે હું હોઉં. હું બાસાહેબને ઓળખું નહીં, પણ એ મને ગામના દાક્તર તરીકે ઓળખે. બાસાહેબનું વ્યક્તિત્વ જાજરમાન સ્ત્રીનું. મરવાનું પસંદ કરે પણ કોઈની સામે હાથ લાંબો ન કરે. આવાં બાસાહેબને દાદા માટે પૂજ્યભાવ.

એક દિવસે દાદા ને હું બાસાહેબને ઘેર ગયા, બેઠા. સુખદુઃખની વાતો સાંભળી. પછી દાદાએ મને કહ્યું, ''દિનુ, જ્યાં સુધી બાસાહેબ દહેગામમાં હોય અને તું દહેગામમાં હોઉં ત્યાં સુધી તું બાસાહેબની ખબરઅંતર ન રાખે ?'' મેં કહ્યું,''દાદા, તમારે મને આદેશ આપવાનો હોય અને મારે તેનો અમલ કરવાનો હોય.''

રાખરખાવટનો કેટલો ઊંચો ખ્યાલ! એક વખત જેનો હાથ પકડ્યો તે છેવટ લગી પકડી જાણ્યો. આવો માનવી મૂઠી ઊંચેરો કેમ ન ગણાય ?

આજે દાદા નથી, બાસાહેબ પણ નથી. બાસાહેબનો પુત્ર અમદાવાદમાં રાજ્ય પરિવહન ખાતામાં નોકરી કરે છે. ઘણી વખત એને મળવાનું થાય છે. એ વખતે અમે દાદાને, બાસાહેબને યાદ કરીએ છીએ. ત્યારે બાસાહેબના પુત્રની આંખના ખૂણા ભીના થાય છે. ભીના થાય એમાં શી નવાઈ ?

# ૧૮. વાત્સલ્યનું વશીકરણ

ડૉ. ઝવેરભાઈ પટેલ આંખના જાણીતા નિષ્ણાત દાક્તર. વડોદરામાં રહે. મહારાજ માટે એમને અનન્ય ભક્તિ.

મહારાજ દર ચોમાસામાં એકાદ મહિનો ડૉ. ઝવેરભાઈને ત્યાં રહે. એ વખતે અનેક લોકો મહારાજને મળવા આવે. કોઈ જાહેર કામની ચર્ચા માટે આવે તો કોઈ સલાહ લેવા, કોઈ કંઈક યોજના લઈને આવે તો કોઈ પોતાનું અંગત દુઃખ રડવા આવે. આ મુલાકાતીઓમાં શ્રીમંતથી માંડીને ગામડાના ગરીબ માણસો પણ હોય. ઝવેરભાઈ એ તમામને ભાવથી સત્કારે, મહારાજના મહેમાનોને પોતાના સમજી એમને માટે ચાપાણી અને જમવાની વ્યવસ્થા ભાવથી કરે. છતાં કોઈ સાથે ન ઘરોબો કેળવે કે ન કોઈની લાગવગનો ઉપયોગ કરે. પોતે તો નિરાળા જ રહે. ન કોઈ સંસ્થામાં જોડાય કે ન કોઈ યોજનામાં પોતાની જાતને સાંકળે.

આ ડૉ. ઝવેરભાઈના દીકરા મહેશનાં લગ્ન લેવાયાં. લગ્ન મહારાજની મારફત જ ગોઠવાયેલાં. એટલે લગ્નમાં એમની હાજરી અને એમના આશીર્વાદની અપેક્ષા હોય જ.

પણ મહારાજ એ વખતે બિહારના ભીષણ દુષ્કાળ-રાહતકાર્યમાં રત હતા. ઘડીની નવરાશ ન હતી. પણ વડોદરાથી ડૉ. ઝવેરભાઈનો પત્ર

આવ્યો કે "મહેશનાં અમુક તારીખે લગ્ન છે. તમે અમારા રાહબર છો. લગ્નપ્રસંગે પધારજો."

મહારાજને બિહારમાં ઝવેરભાઈનો પત્ર મળ્યો કે એમણે પોતાના કામની મિત્રોને સોંપણી કરી દીધી અને ઊપડ્યા વડોદરા. વગર રિઝર્વેશને દિલ્હીની ગાડીમાં ચડી ગયા. દેહરીથી દિલ્હી સુધીની ગાડીની મુસાફરી ઊભાં ઊભાં કરી. દિલ્હીથી પણ એ જ રીતે અગવડ વેઠીને ટિચાતા-કુટાતા વડોદરા ઝવેરભાઈને આંગણે આવી ઊભા. ઝવેરભાઈ તો આભા બની જોઈ જ રહ્યા. એમને થયું : બિહારથી વડોદરા આવવામાં દાદાને કેટલી તકલીફ પડી હશે ? પત્ર ન લખ્યો હોત તો સારું થાત. પણ ઝવેરભાઈ જેવા ભક્ત તેવા જ દાદા ભક્તવત્સલ. લગ્નમાં હાજર થઈ ગયા. નવદંપતીને આશીર્વાદ આપ્યા અને તરત પાછા બિહાર જવા નીકળી પડ્યા.

★

મહારાજના જીવનનાં છેલ્લાં વરસોની આ વાત છે. આંખની તકલીફને કારણે મહારાજ આણંદમાં ડૉ. દોશીના દવાખાનામાં પથારીવશ હતા. ઠંડીના એ દિવસો હતા. ડૉ. દોશી મહારાજ માટે ગરમ કોટ લઈ આવ્યા અને પહેરવા વિનંતી કરી. પણ મહારાજ માને નહિ. મહારાજના અન્ય અંતેવાસીઓ અને કાર્યકરોએ પણ કોટ પહેરવા આગ્રહ કર્યો પણ મહારાજે મચક ન આપી.

ડૉ. ઝવેરભાઈ દર ત્રીજે દિવસે મહારાજની ખબર કાઢવા ડૉ. દોશીને ત્યાં આવે. ડૉ. દોશીએ ઝવેરભાઈને કહ્યું, "ઠંડીમાં દાદાને ગરમ કોટ પહેરવાની જરૂર છે પણ પહેરતા નથી."

ઝવેરભાઈએ કોટ હાથમાં લીધો. દાદા પાસે ગયા. કોટ પહેરવા વિષે કશી ચર્ચા કે દલીલ કર્યા વિના બાળક પોતાના બાપને સ્નેહાધિકારથી પહેરાવે તેમ એમના હાથ ઊંચા કરાવી કોટ પહેરાવી દીધો. અને દાદાએ વિના વિરોધ પહેરી લીધો!

★

એક વખત દાદા મુંબઈમાં હતા. ડૉ. ઝવેરભાઈ પણ એ સમયે ત્યાં હતા. ઝવેરભાઈને પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી સાથે સારો સંબંધ. શાસ્ત્રીજીએ ઝવેરભાઈને કહ્યું,''ડૉક્ટર સાહેબ, અહીં નરીમાન પોઈન્ટ ઉપર સ્વાધ્યાયી ભાઈબહેનોની રાત્રે દસ વાગ્યે સભા છે. તમે એ સભામાં મહારાજને ન લઈ આવો ?'' સ્વાધ્યાયીઓ સાથે વાતો કરશે.

મહારાજ રાત્રે વહેલા સૂઈ જનારા અને સવારે વહેલા ઊઠનારા. રાત્રે દસ વાગ્યે સ્વાધ્યાયી ભાઈબહેનો સાથે વાતો કરવા કઈ રીતે જાય ? પણ ભક્તે ભગવાનને કહ્યું, ''દાદા, આજે રાતે મોડા સૂવાનું છે. આપણે રાત્રે દસ વાગ્યે નરીમાન પોઈન્ટ ઉપર સ્વાધ્યાયી ભાઈબહેનો પાસે વાતો કરવા જવાનું છે. તૈયાર રહેજો.''

અને મહારાજ તૈયાર થઈ ગયા. સ્વાધ્યાયી ભાઈબહેનોની સભામાં ગયા અને સરસ વાતો કરી. શાસ્ત્રીજીને સંતોષ થયો.

# ૧૯. અપરિગ્રહનો પાઠ

જ્યારથી દાદાએ ઘર છોડ્યું ત્યારથી પરિવ્રાજક બન્યા. સતત લોકો વચ્ચે ફરતા રહે. પોતાની જરૂરિયાતો બહુ ઓછી. કપડાંમાં તો સ્વાવલંબી. કોઈ યજમાનને ત્યાં રોકાયા હોય ત્યારે એના ખેતરમાંથી જરૂરિયાત પૂરતો કપાસ એની સંમતિથી દોહી લે, તે લોઢી રૂ કાઢે અને રૂને પીંજી પૂણી બનાવી લે. વર્ષો સુધી એમનો આ ક્રમ રહ્યો. પણ પછી પૂણી બનાવવાનું બંધ કર્યું ને ઢગલાબંધ કાંતવા માંડ્યું. દાદા ક્યારેય નવરા ન હોય. કોઈની સાથે વાતો કરતા હોય ત્યારેય એમનો રેંટિયો તો ચાલુ જ હોય. પોતાની જરૂરિયાત કરતાં ઘણું વધારે કાંતે ને એની ખાદી વણાવે. પોતાના ખપ પૂરતી ખાદી રાખી બાકીની જરૂરિયાતવાળાને આપે.

•

એક વખત દાદા મારે ત્યાં દહેગામ ચાર્તુમાસ માટે આવેલા.શાંતિથી રહે, ઉપવાસ કરે, ગીતાપાઠ કરે, કાંતે અને બપોર પછી ગીતા ઉપર બોલે. ઘરમાં સૌને આનંદ આપે.

એક દિવસ દાદાએ મારી પુત્રી મીનાને બોલાવીને કહ્યું, ''બેન, આ ધોતિયું જરા સાંધી આપ ને.''

મીનાએ ધોતિયું હાથમાં લીધું. જોયું અને બોલી પડી, ''દાદા, આ તો ખૂબ ઘસાઈ ગયું છે. હું એને ફાડી નાખું છું. તમે બીજું ધોતિયું કાઢો. તમે આખો દિવસ કાંતો છો એટલે તમારી પાસે વધારાની ખાદી હશે જ.''

દાદા બોલ્યા, " ના ના દીકરી, જોજે ફાડી નાખતી. મારે હજી બીજા કેટલાક મહિના એને ચલાવવાનું છે."

"પણ તમારી પાસે વધારાની ખાદી ન હોય તો ભાઈને કહું, એ ખૂબ કાંતે છે. તમને નવું ધોતિયું લઈ આપશે."

"દીકરી, મારી પાસે ઘણી ખાદી છે. દિનુભાઈ પાસેથી લેવાની જરૂર નથી. પણ મારાં ધોતિયાં અમુક મહિના સુધી ચાલવાં જ જોઈએ. ઘસાય તો થીગડાં મારવાં પણ નક્કી કરેલી મુદત સુધી ચલાવવાં એ મારો નિયમ છે."

મીના શો જવાબ આપે ? એણે ધોતિયું લઈ લીધું. ઘરમાં સૂતર તો હતું જ. તેણે પોતાની ભકિત ઉમેરી દાદાના ધોતિયાને તૂની આપ્યું. ધોતિયું સુંદર થઈ ગયું. એ લઈ તે દાદા પાસે ગઈ. ધોતિયા ઉપરનો કસબ જોઈ દાદા ખુશ થઈ ગયા. મીનાને વહાલથી કહ્યું, "દીકરી, તેં તો ધોતિયું નવા જેવું કરી આપ્યું. હવે એ થોડા વધારે મહિના ચાલશે."

મીનાના આનંદનો પાર ન રહ્યો. એક સંતના કામમાં આવવા બદલ એ ધન્યતાનો અનુભવ કરવા લાગી.

આ પ્રસંગને આજે વરસો પછી અમેરિકામાં રહેતી મીના સંભારી ભાવવિભોર થઈ જાય છે. દાદાએ એને કશા જ ઉપદેશ કે ભાષણ વિના પાઠ ભણાવ્યો કે મિલકત આપણી હોય, આપણે પેદા કરેલી હોય છતાં તે ગમે તેમ વાપરવાનો આપણને હક્ક નથી. જે ભગવાનની દેણ છે એનો આપણી જરૂરિયાત પૂરતો ઓછામાં ઓછો ઉપયોગ કરવો જોઈએ. પોતાના આચરણ દ્વારા દાદાએ અપરિગ્રહની ઊંડામાં ઊંડી સમજ આપી.

# ૨૦. દાદાનો શ્યામ

૧૯૬૭ના બિહાર દુષ્કાળ સમયની આ વાત છે. દાદા બિહારના ઔરંગાબાદ જિલ્લાના હરદત્તા નામના એક ગામમાં રહી રાહતકાર્ય કરી રહ્યા હતા. એક ખંડેર જેવા મકાનમાં રહે. શાળાના મકાનનો એક ઓરડો એ એમનું કાર્યાલય. બાજુમાં ઘઉંનું એક ખળું.

એક દિવસ ખળામાં દાદાએ એક છોકરાને જોયો. મોટું પેટ, શરીર ઉપર કપડું ન મળે. માથાના વાળ વધી ગયેલા. જૂઓથી ઊભરાય, આખું અંગ કાળું અને મેલું, ફકત આંખો ફીકી. ભગવાનભરોસે પડી રહેલો. હું એ વખતે દાદા પાસે હતો. દાદાએ કહ્યું, ''દિનુ, આ છોકરાના વાલી-વારસોની તપાસ કરાવો.''

અમે તપાસ કરાવી પણ કોઈ વાલીવારસ મળ્યું નહીં. પ્રશ્ન થયો: હવે આ છોકરાનું શું કરવું ? દાદાનું હૈયું કરુણાથી ઊભરાયું. એમણે એ છોકરાને ખોળે લીધો. એના વાળ કપાવ્યા, નવડાવ્યો અને કપડાં પહેરાવ્યાં. નામ પાડ્યું શ્યામ. શ્યામ હતો ને ! પછી ત્યાં ભેગાં થયેલાં અમને ઉદ્દેશીને દાદા બોલ્યા, ''તમારી પાસે જે કાંઈ હોય તે આ શ્યામને આપો.'' કોઈકે ખાવાનું આપ્યું, કોઈકે કપડાં આપ્યાં, કોઈકે એને રોજ નવડાવવા-ધોવડાવવાનું માથે લીધું. દાદા મને કહે, ''દિનુ, તારી પાસે દવા છે તો તું શ્યામને દવા આપજે.''

મારો સ્વભાવ જરા અળવીતરો. મારાથી પુછાઈ ગયું, " દાદા, તમે શ્યામને શું આપશો ?" દાદા બોલ્યા, "હું એને પ્રેમ આપીશ." અને એ નિરાધાર ને અનાથ શ્યામને જેની સૌથી વધારે જરૂર હતી એ પ્રેમ દાદાએ એને આપ્યો.

બિહાર દુષ્કાળ રાહતનું કામ કરતાં કરતાં અચાનક દાદા બીમાર પડ્યા. સાથીઓને લાગ્યું કે આ મંદવાડ લાંબો ચાલશે. કદાચ એ આખરી પણ નીવડે. એટલે દાદાને તાત્કાલિક અમદાવાદ લઈ જવાનો નિર્ણય લેવાયો. દાદાનું કેટલુંક કામ સંકેલી લેવાયું ને બાકીના કામની સોંપણી થઈ ગઈ. પણ સાથીઓને લાગ્યું કે દાદા કંઈક ઊંડી ચિંતામાં છે. એક સાથીએ પૂછ્યું, "દાદા, શાની ચિંતામાં છો ? અમારી વ્યવસ્થામાં કંઈ ખામી રહી ગઈ છે ?"

"ના ના, વ્યવસ્થામાં કશી જ ખામી નથી. ધારણા કરતાં સવાયું ગોઠવાયું છે." દાદા બોલ્યા.

"તો તમને શાની ચિંતા છે ? શ્યામનો વિચાર આવે છે ?" સાથીએ પૂછ્યું.

દાદા મૌન રહ્યા. કોઈકે કહ્યું, "દાદા, શ્યામને તમારી સાથે અમદાવાદ લઈ જાવ."

દાદાએ કહ્યું, "હા હા, શ્યામને આપણી સાથે લઈ જઈએ." અને શ્યામને અમદાવાદ લઈ જવાનો નિર્ણય લેવાયો. રેલવેમાં દાદાની સાથે જ એને રાખવાની વ્યવસ્થા ગોઠવાઈ.

બીમાર હાલતમાં દાદા અમદાવાદ પહોંચ્યા. એમને શ્રી રસિકલાલ વૈદ્યની સંજીવની ઈસ્પિતાલમાં રાખવાનું નક્કી થયું. આ માંદગી છેલ્લી હશે એવું દાદાને લાગ્યું હશે. એટલે એમણે સ્વ. બબલભાઈને પોતાનું વીલ લખાવ્યું. દાદાની મિલકતમાં ખેતર-વાડી, પૈસાટકા કે ઘરબાર તો હતાં નહીં. મિલકતમાં હતી એક થીગડાંવાળી છત્રી, રેંટિયો, રેણ કરેલો એક લોટો, વધારાનું એક ધોતિયું અને એક પહેરણ. બસ, આ હતું દાદાનું સર્વસ્વ. એ ચીજો જરૂરિયાતવાળાને આપી દીધી. વીલ પૂરું થયું.

એ પછી સહજ વાત કરતા હોય તેમ બોલ્યા, ‘‘બબલભાઈ, જરા શ્રેયસમાંથી લીનાબહેનને ફોન કરી કહેજો કે મહારાજ યાદ કરે છે.’’

લીનાબહેનને દાદાનો સંદેશો પહોંચાડ્યો. એ તરત આવ્યાં. દાદાને પગે લાગ્યાં, ખબરઅંતર પૂછીને બોલ્યાં, ‘‘કહો મહારાજ, મને કેમ યાદ કરી ?’’

‘‘બેન, આ મારો એક છોકરો છે, શ્યામ. તું એને તારી સંસ્થામાં ભણવા લઈ જઈશ ? ’’ દાદાએ કહ્યું.

‘‘મહારાજ, તમારી પ્રસાદી મને ને મારી સંસ્થાને શિરોધાર્ય છે. હવે તમે નિશ્ચિંત રહેજો. શ્યામ મારે ખોળે આવી ગયો.’’

દાદાની ઊલઝન ઊકલી ગઈ. એમણે સંતોષનો શ્વાસ લીધો.

# ૨૧. દાદાની દીકરી

દાદાને દીકરીઓ કેટલી અને કેવી? જવાબ આપવો અઘરો છે. એક કુશળ માળીની માવજત પામેલા બાગનાં ફૂલ કેવાં ને કેટલાં, એનો જવાબ આપી શકો તો દાદાને દીકરીઓ કેટલી ને કેવી, એનો જવાબ મળે.

દાદાની દીકરીઓમાં કોઈ શ્રીમંત માબાપની દીકરી હોય, તો કોઈ લાકડાંનો ભારો વેચીને ગુજારો કરતી દીકરી પણ હોય. કોઈ પ્રખર વિદુષી હોય, તો કોઈ કૂબામાં રહી અંગમહેનત કરીને જીવન ગુજારતી પણ હોય; કોઈ જાહેર જીવનમાં પોતાના કામ ને નામથી ભલભલાનાં માન મુકાવનારી હોય, તો કોઈ ઘરઆંગણે છાણવાસીદું કરનારી પણ હોય, એકદમ અપ-ટુ-ડેટ લાલી-લીપસ્ટિકવાળી ને બોબ્ડ વાળવાળી હોય, તો આછા ઘૂંઘટમાંથી હાસ્ય વેરતી ગૃહિણી પણ હોય. જેવા દાદા અનેરા તેવી એમની દીકરીઓ પણ અનેરી ને વૈવિધ્યવાળી. છતાં એ સૌને દાદા પોતીકા લાગે. અહીં દાદાની એવી એક દીકરીની વાત કરું.

દાદાએ ૧૯૪૭થી ૧૯૫૨ સુધી બનાસકાંઠાને પોતાનું સેવાક્ષેત્ર બનાવેલું. એ વિસ્તારમાં પાણીની અછત નિવારવા દાદા બોરિંગ કરાવતા હતા. એમના બોરિંગ કૉન્ટ્રાકટર એક ગર્ભશ્રીમંત વ્યકિત પણ બોરિંગનું કામ થતું હોય ત્યાં સ્થળ ઉપર જ રહેવાના આગ્રહી. બોરિંગનું કામ ચાલતું હોય એ સ્થળે જ તંબૂ ઊભો કરે. એમાં રહે ને જમે. એમની સતત હાજરી

ને દેખરેખને કારણે બોરિંગનાં એમનાં કામ વધારે સફળ ને સારાં થાય એમાં શી નવાઈ ?

આ બોરિંગ કૉન્ટ્રાક્ટર સાથે એમની પંદર-સત્તર વર્ષની એક દીકરી પણ રહે. એક વખત રજાઓમાં પિતા-માતા સાથે રહેવા આવેલી. એને દાદાનો પરિચય થયો. બસ, લોઢાને પારસમણિનો સ્પર્શ થયો ને લોઢું શુદ્ધ સુવર્ણ થઈ ગયું. પછી તો આ બોરિંગવાલા કુટુંબ સાથે દાદાનો એવો તો નાતો બંધાયો કે દાદા અમદાવાદ આવે ત્યારે ઉતારો એમને ત્યાં જ હોય. જેમ જેમ દીકરીને દાદાનું વાત્સલ્ય વધારે ને વધારે મળતું ગયું તેમ તેમ દીકરીનો દાદા પ્રત્યેનો ભકિતભાવ પણ ઉત્તરોત્તર વધતો ગયો. એ ભક્તિભાવ અંતે અદ્‌ભુત સેવામાં પરિણમ્યો.

૧૯૭૩માં દાદાના ડાબા પગના થાપામાં ફ્રેક્ચર થયું. બે વારનાં ઑપરેશનો પછી પણ દાદા ચાલતા થઈ શકયા નહિ. દુઃખીપીડિતની સેવા માટે રોજ માઈલો ચાલનારા દાદા પથારીવશ થયા. એ પછી તો આંખોનું તેજ પણ ગયું. જેમણે કદી કોઈની સેવા લીધી નહોતી એવા દાદાને સેવા લેવી પડી, અને તે પણ પૂરાં બાર વર્ષ. દાદાના આ કપરા કાળમાં એમની આ દીકરીએ જે સેવા કરી છે તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. એણે દાદાને પોતાને ત્યાં જ રાખ્યા. દાદાની સેવામાં કોઈ રીતે કશી કસર રહેવા ન દીધી. દાદાને અમુક ખાનપાનની જરૂર છે તો તે તૈયાર, દાદાને અમુક પુસ્તકની જરૂર છે તો હાજર, દાદાને બહાર કોઈને મળવા જવાની ઇચ્છા છે તો મોટર તૈયાર, દાદાને બહારગામ જવું છે તો જેમાં સૂવા-જમવાની બધી જ સગવડ હતી એવું સ્ટેશન વેગન તૈયાર.

વળી, જ્યાં દાદા હોય ત્યાં મુલાકાતીઓનો પ્રવાહ તો ચાલુ જ રહે. શહેરનાં ને ગામડાનાં સુખી ને દુઃખી, ગરીબ ને તવંગર, પંડિત ને

અંગૂઠાછાપ—બધી જાતના મુલાકાતીઓ હોય. દાદાની આ દીકરી દાદાના આ બધા મુલાકાતીઓની જરૂરિયાતો પણ સાચવે. ચાનાસ્તાની જરૂર હોય તો ચાનાસ્તાની ને જમવાનું હોય તો જમવાની વ્યવસ્થા કરે. કોઈને શહેરમાં કે સ્ટેશને જવાનું હોય તો વાહન તૈયાર. અરે, કોઈ દાદાને મળવા આવ્યું હોય ને પૈસા ખૂટી ગયા હોય તો વાટખરચીના પૈસા પણ તૈયાર! દાદાની સેવાની સાથે સાથે દાદાના ભક્તોની પણ પ્રસન્નતાપૂર્વક સેવા કરે.

આ દીકરીએ ધાર્યું હોત તો મુંબઈ, કલકત્તા કે સીમલા-મસૂરીમાં આરામથી જિંદગી વ્યતીત કરી શકી હોત; ધારત તો પોતાની આગવી કેરિયર બનાવી શકી હોત; નાનીમોટી સંસ્થાઓ સાથે સંકળાઈ સમાજસેવા કે દેશસેવા કરી શકત; પરણીને એક સુખી સંસાર વસાવી શકી હોત. પણ એણે આમાંનું કશું ન કર્યું. એણે પોતાના દાદાજી અને એમના વિશાળ પરિવારની નિઃસ્વાર્થ સેવામાં જીવનની ધન્યતા માની; દાદાનો જીવનમંત્ર ઘસાઈને ઊજળા થઈએ, બીજાને ખપમાં આવીએ-ને ચરિતાર્થ કરવામાં જ જીવનની કૃતકૃત્યતા માની. નિકટ પરિચયને કારણે એક દિવસ મારાથી પુછાઈ ગયું, "બહેન, તમને ક્યારેય સૌભાગ્યકાંક્ષિણી થવાનું મન ન થયું ?" એક ક્ષણનાય વિલંબ વિના એ બોલી, " દિનુભાઈ, દાદાજી મળ્યા એથી મોટું સૌભાગ્ય બીજું કયું જોઈએ?"

દાદાની આ દીકરી તે મામાસાહેબના હુલામણા નામથી જાણીતા શ્રી જયંતીભાઈ કેશવલાલ પટેલ(બોરિંગવાલા)ની સુપુત્રી બહેન શ્રી ધર્મિષ્ઠા.

# ૨૨. દાદાના અંતિમ આશીર્વાદ

દાદાએ એમના જીવનના છેલ્લા દિવસો વલ્લભ વિદ્યાલય, બોચાસણમાં ગાળ્યા. પથારીવશ તો હતા જ. એમનો ખાટલો એમના મોટા દીકરા પંડિતજીના દવાખાનાના એક ઓરડામાં રાખવામાં આવ્યો હતો. દાદાની સેવા માટે ચુનંદા સ્વજન જેવા થોડાક ભક્તોના ચોવીસ કલાકના વારા ગોઠવેલા. દાદાના નિકટના અંતેવાસી વિઠ્ઠલભાઈ પટેલ તો નિરંતર એમની પાસે હોય જ.

દાદાની ૧૦૧મી જન્મજયંતી નજીક આવી રહી હતી. દાદાના નિકટનાં સ્વજનો ને સ્નેહીઓને થયું કે એ દિવસ ભવ્ય રીતે ઊજવવો. એ પ્રસંગે આખા ગુજરાતને જાહેર નિમંત્રણ પાઠવવું, દાદાના જીવનને આલેખતું એક પ્રદર્શન ગોઠવવું અને દાદાના ગુણાનુવાદ અર્થે સભા કરવી. યોજના થઈ ગઈ. એ સમારંભના ખર્ચની જવાબદારી ખેડા જિલ્લાના કેટલાક સ્વજનોએ ઉપાડી લીધી.

મેં એ દિવસે દાદાના દર્શને જવાનું નક્કી કર્યું. દાદાને ગળે આરોપવા રેંટિયા ઉપર કાંતીને સૂતરની એક આંટી તૈયાર કરી અને દાદાની જન્મજયંતીના આગલા દિવસે બોચાસણ પહોંચી ગયો. દાદાની ઓરડીમાં ગયો. દર્શન કર્યાં. વિઠ્ઠલભાઈએ મારા આવ્યાના સમાચાર દાદાને આપ્યા. આટલા શારીરિક કષ્ટ વચ્ચે પણ એ જ શાંત ને પ્રસન્ન

મુખમુદ્રા, એ જ તટસ્થતા. મને લાગ્યું કે દાદા તમામ દુન્યવી વ્યવહારથી પર થઈ એમના સરજનહાર સાથે એકાકાર થઈ ગયા હતા. અશ્રુભીની આંખે દાદાની મુખમુદ્રાને નિહાળતો ક્યાંય સુધી બેસી રહ્યો.

દાદાની જન્મજયંતીના દિવસે સવારથી જ દાદાના દર્શનાર્થીઓનો પ્રવાહ શરૂ થઈ ગયો હતો. બપોર સુધીમાં તો ગુજરાતભરમાંથી હજારોની સંખ્યામાં લોકો ઊમટી પડ્યા. દાદાનો ખાટલો સભામંડપમાં લાવવામાં આવ્યો. એક પછી એક જણ દાદાનાં દર્શન કરી શકે, આંટી આરોપી શકે કે ફૂલહાર કરી શકે, એવી વ્યવસ્થા કરી હતી. આ કાર્યક્રમ બાદ ગુણાનુવાદનો કાર્યક્રમ હતો. ખાસ્સો લાંબો કાર્યક્રમ ચાલ્યો. કાર્યક્રમને અંતે ભોજન બાદ સૌ વીખરાયા.

હું દાદાની ઓરડીમાં ગયો. રાતના દસ વાગ્યા હતા. જીવનભરનાં દાદા સાથેનાં અનેક સંસ્મરણો મારા ચિત્તફલક ઉપર ઊપસી આવ્યાં. જાણે ચલચિત્ર જોતો હોઉં એમ લાગ્યું. અંતે જરા બીતાં બીતાં મેં વિઠ્ઠલભાઈને વિનંતી કરી, ‘‘ભાઈ, તમારી રજા હોય તો દાદાને આંટી પહેરાવવાની મારી ઇચ્છા છે.’’

‘‘અરે, દિનુભાઈ, તમારે રજા લેવાની હોય ? દાદા તો તમારા છે.’’ વિઠ્ઠલભાઈએ કહ્યું.

વિઠ્ઠલભાઈએ દાદાને કહ્યું, ‘‘જુઓ ને દાદા, આ દિનુભાઈ મારી રજા માગે છે !’’

દાદાએ સંમતિ આપી. મેં દાદાને ગળે આંટી આરોપી મારું માથું એમની છાતી ઉપર મૂકી દીધું અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. દાદાએ

વિઠ્ઠલભાઈની મદદથી એમનો વરદ હાથ મારે માથે મૂક્યો. મિનિટો સુધી એમણે મારુ માથું દાબી રાખ્યું. અંતે ખૂબ જોર કરી બોલ્યા, ''દિનુ, સુખી રહેજે. શાંતિ પામજે. મારા આશીર્વાદ છે.''

દાદાની સાથેનો આ મારો છેલ્લો મેળાપ હતો. અને આ એમના અંતિમ આશીર્વાદ હતા. આજે પણ દાદાના એ છેલ્લા શબ્દો યાદ આવે છે ત્યારે હૈયું ગદ્‌ગદ થઈ જાય છે.

Acc. No. 130204
Date 6-9-2010
SIMLA



પૂજ્ય મહારાજ, શ્રી દિનુભાઈ તથા તેમનું કુટુંબ

Library IIAS, Shimla
GJ 891.478 P 272 S
00130204

SABARMATI ASHRAM
000930 Ahmedabad
SUKHAD SUVAS GUJ.
MRP : Rs. 25